ગુજરાત સ્થાપના દિવસ 1st May

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય
સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય

વર્ષ : ૪૮ અંક : ૧૧૮ જૂનાગઢ તા.૦૧-૦૫-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 118, Junagadh : Date : 01 May, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay
Post Regn. G/JND/24 (VALID up to 31-12-2026) RNI Regn. No. 27509/67 Ph. : (0285) 2621000/ 2651800/ E-mail : saurashtrabhoomi@gmail.com Website : www.saurashtrabhoomi.com

# દિલ્હી - NCR ની ૧૦૦થી વધુ શાળાઓને બોંબ મુકાયો હોવાનો ઈ-મેઈલ મળતા હડકંપ



નવી દિલ્હી તા. ૧

દિલ્હી-NCRની લગભગ ૧૦૦ શાળાઓમાં બોમ્બ હોવાની ધમકીઓ મોકલવામાં આવી છે. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, આ ધમકી એક જ ઈ-મેલથી મોકલવામાં આવી છે. આ ઈ-મેલ આજે સવારે ૬ વાગ્યે મોકલવામાં આવ્યો હતો.

દિલ્હી પોલીસ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, ફાયર ટેન્ડર અને એમ્બ્યુલન્સ તમામ શાળાઓમાં પહોંચી ગઈ છે. બોમ્બની શોધ કરવામાં આવી રહી છે. ઈમેલ મોકલનારને પણ ટ્રેસ કરવામાં આવી રહ્યો છે. લગભગ ૬૦ જેટલી શાળાઓ ખાલી કરાવવામાં આવી છે.

બોંબ હોવાની ધમકી મળ્યા પછી, શાળાઓએ પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. પોલીસ સાયબર સેલે મેઈલ ટ્રેક કરવા માટે ટીમો તૈનાત કરી છે. ધમકી બાદ સુરક્ષા પ્રોટોકોલ લાગુ કરવામાં આવ્યા છે. શાળાઓ ખાલી કરાવવામાં આવી છે. બાળકોને ઘરે મોકલી દેવામાં આવ્યાં છે. અત્યાર સુધી ટીમોને કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી. પોલીસ અને વહીવટીતંત્રે માતા-પિતાને ચિંતા નહી કરવાની સલાહ આપી. કહ્યું કે સુરક્ષાનાં તમામ પગલાં લેવામાં આવી રહ્યાં છે પાટનગર દિલ્હી અને નોઈડાની ૧૦૦થી વધુ શાળાઓમાં બોમ્બ મુકયા હોવાનદ ધમકી ભર્યો ઈ-મેઈલ ધમકી મળતા જ જબરી અફડાતફડી મચી ગઈ છે અને દિલ્હી પોલીસની બોમ્બશોધક ટીમ સહિતની ખાસ ટીમો આ શાળાઓમાં પહોંચીને પ્રથમ વિદ્યાર્થીઓ સહિત તમામને સલામત કરીને હવે દરેક શાળાના ખુણેખુણાની તપાસ કરી રહી છે.

પુર્વી દિલ્હીની મયુર વિહાર સ્થિત મધર મેરી સ્કુલ ઉપરાંત સંસ્કૃતિ સ્કુલ, નોઈડાની દિલ્હી પબ્લીક સ્કુલ અને અન્ય બે શાળાઓના સંચાલકોને પણ આ પ્રકારના ઈ-મેલ મળ્યાની પોલીસને જાણ કરતા દિલ્હી પોલીસના પગલે તુર્તજ અલગ અલગ ટીમો બનાવીને ઉચ્ચ અધિકારીઓને દોડતા કરી દીધા હતા તથા શાળા સંચાલકોએ તુર્તજ વાલીઓને પણ તેમના સંતાનોને લઈ જવા ફોન શરૂ કરી દેતા જબરો દહેશતનો માહોલ સર્જાયો હતો.

પ્રથમ ઈ-મેલ દ્વારીકાની પબ્લીક સ્કુલને મળ્યો હતો અને તેમાં મોકલનારના આઈપી એડ્રેસ સહિતના મુદ્દે તપાસ શરૂ થઈ ત્યાંજ બીજી શાળાઓમાંથી પણ ઈ-મેલ મળ્યાના ખબર મળ્યા હતા અને એક તરફ શાળાઓની આસપાસ પોલીસ ડોગ સ્કવોડ તથા બોમ્બ વિરોધી સ્કવોડ વગેરે પહોંચવા લાગી હતી તો બીજી તરફ આ ખબર પ્રસરવા લાગતા ચિંતાતુર વાલીઓએ તેમના બાળકને લેવા દોટ મુકી હતી.

પોલીસે પ્રથમ તમામને સલામત સ્થળો પર પહોંચાડીને બાદમાં શાળાની તપાસ શરૂ કરી હતી. તમામ શાળાઓને એક જ સમયે લખાયેલા ઈ-મેલ મળ્યા હતા અને તમામને ધમકીની અતિ ગંભીર ભાષા લખાઈ હતી અને તેનાથી પોલીસની ચિંતા વધી ગઈ હતી.

- તમામ ઈ-મેઈલ એક સમયે એક સાથે એકજ (રશિયન) ભાષામાં મોકલવામાં આવ્યા
- તમામ શાળાઓ ખાલી કરાવાઈ
- સમગ્ર દિલ્હીમાં ભયનું વાતાવરણ
- ઈ-મેઈલનું સર્વર રશિયામાં હોવાનું તપાસમાં બહાર આવ્યું
- કોઈપણ શાળામાંથી બોંબ મળ્યો નહી
- દિલ્હીમાં દહેશત ફેલાવવા માટે કરવામાં આવેલું કૃત્ય

## વડાપ્રધાન મોદી આજે અને આવતીકાલે ગુજરાતમાં ચૂંટણીસભાઓ ગજવશે

ગાંધીનગર તા. ૧ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસની ગુજરાત અને સૌરાષ્ટ્રની મુલાકાતે આવી રહ્યાં છે. લોકસભાની ૨૫ બેઠકોની ચૂંટણીના પ્રચાર માટે તેઓ બે દિવસમાં ૬ જેટલી વિજય વિશ્વાસ જાહેરસભાઓને સંબોધન કરશે. રાજ્યમાં ચાલી રહેલા ક્ષત્રિય આંદોલનના પગલે મોદીની સભાઓના સ્થળે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે તો સૌરાષ્ટ્રમાં ભારે તાપ અને તડકા વચ્ચે યોજાઈ રહેલી જાહેર સભામાં જનમેદની એકત્ર કરવા ભાજપ દોડાદોડી કરી રહ્યો છે. રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામે મતદાન માટે ક્ષત્રિય સમાજ હજુ આંદોલન ચલાવી રહ્યો છે ત્યારે સમગ્ર સૌરાષ્ટ્રમાં વિરોધ વચ્ચે પણ વડાપ્રધાનની સભાનો વિરોધ નહીં કરવા નિર્ણય લેવાયો છે. આજે બપોરે ૨.૩૦ કલાકે તેઓ ઉત્તર ગુજરાતમાં ડીસા અને ત્યારબાદ સાંજે ૪.૧૫ કલાકે હિંમતનગરમાં જાહેર સભાને સંબોધન કરશે.

વડાપ્રધાન આવતીકાલે મધ્ય ગુજરાતના આણંદમાં સવારે ૧૦.૦૦ કલાકે, સુરેન્દ્રનગર-રાજકોટ રોડ પર ત્રિમંદિર મેદાનમાં બપોરે ૧૨.૦૦ કલાકે, જૂનાગઢમાં ૨.૧૫ કલાકે અને જામનગરમાં સાંજના ૪.૧૫ કલાકે જાહેર સભાને સંબોધન કરશે.

## કોમર્શિયલ ગેસ સિલિન્ડરનાં ભાવમાં રૂા.૧૯નો ઘટાડો

નવી દિલ્હી,તા.૧

લોકસભાની ચૂંટણી ચાલી રહી છે તેવા સમયે કોમર્શીયલ રાંધણગેસના ભાવમાં રાહત જાહેર કરવામાં આવી છે. કોમર્શીયલ રાંધણગેસ સીલીન્ડરના ભાવમાં રૂા.૧૯નો ઘટાડો કરવામાં આવ્યો છે. જયારે સબસીડીયુક્ત ઘરેલુ ગેસ સીલીન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

**સ્ટાફ જોઇએ છે**

ગ્રેજ્યુએટ સ્ટાફ, એકાઉન્ટ તથા કોમ્પ્યુટરના જાણકાર ઉત્સાહી યુવકની જરૂર છે. ઉંમરઃ ૨૨ થી ૪૦ (જુનાગઢમાં રહેતા વ્યક્તિએ જ સંપર્ક કરવો)

સમય : સવારે ૯-૧૫ થી સાંજે ૮-૩૦ સુધી

Mo. 9825815796

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



# ૧લી મે ગુજરાત સ્થાપના દિવસ

આજે ગુજરાત રાજ્યનો સ્થાપના દિવસ છે. ગુજરાતના ૬૪માં સ્થાપના દિવસની ઠેર-ઠેર ઉજવણીઓ પણ કરાઈ રહી છે. આજના દિવસે જ કેન્દ્ર સરકારે ભાષાના આધારે બે રાજ્યોની સ્થાપના કરી હતી અને બોમ્બે સ્ટેટ એટલે કે બૃહદ મુંબઈને વિભાજિત કરીને બે રાજ્યો ગુજરાત અને મહારાષ્ટ્રને અસ્તિત્વમાં લાવવામાં આવ્યા હતા. એટલા માટે જ આ દિવસને ગુજરાત દિવસ, ગુજરાત સ્થાપના દિવસ કે ગુજરાત ગૌરવ દિવસ પણ કહેવાય છે.

**કેવી રીતે થઈ ગરવી ગુજરાતની સ્થાપના?**

૧૯૫૬માં આંધ્રપ્રદેશને અલગ રાજ્યનો દરજ્જો મળતા બૃહદ મુંબઈમાં પણ ભાષાના આધારે અલગ રાજ્યની માગ થવા લાગી. તેના માટે એક મોટું આંદોલન ચલાવાયું. આ આંદોલનને મહાગુજરાત આંદોલન કહેવાય છે. આ આંદોલનના મુખ્ય પ્રણેતા કહો કે જનક કહો તે ઈન્દુલાલ યાજ્ઞિક જ હતા જેમને પ્રેમથી આપણે ઈન્દુચાચા પણ કહીએ છીએ.

ગુજરાતી ભાષી પ્રદેશોને મહાગુજરાત રાજ્ય તરીકે જાહેર કરવા માટે જ મહાગુજરાતની ચળવળ શરુ થઈ હતી. આ ચળવળ ખરેખર તો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ શરુ કરી હતી અને ત્યારબાદ ટૂંક જ સમયમાં આ ચળવળ 'મહાગુજરાત આંદોલન'માં ફેરવાઈ હતી. મહાગુજરાત ચળવળના મુખ્ય હીરો હતા ઈન્દુલાલ યાજ્ઞિક હતા. તેમણે વર્ષ ૧૯૫૬માં એક સ્વતંત્ર ગુજરાત રાજ્યની ચળવળને વેગ આપ્યો હતો.

૧૯૫૫-૫૬ની આસપાસ ગુજરાત રાજ્યની અલગ સ્થાપના કરવાની માગે જોર પકડ્યું. ત્યારે કેન્દ્રમાં જવાહર લાલ નેહરુ વડાપ્રધાન પદે હતા. શરુઆતમાં તેમણે આ માગને નજરઅંદાજ કરી હતી. પણ જ્યારે ગુજરાતમાં અલગ રાજ્યની માગ વધારે પ્રબળ થઈ તો કેન્દ્ર અને તત્કાલિન બોમ્બે રાજ્યની સરકારને માગ સ્વીકારવી પડી હતી. તેની સાથે જ ૧ મે દરમ્યાન રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. જે ભાગમાં ગુજરાતી ભાષા બોલાતી હતી. તેને ગુજરાતનો ભાગ બનાવ્યો અને જે ભાગમાં મરાઠી ભાષા બોલાતી હતી, તેને મહારાષ્ટ્ર રાખવામાં આવ્યું.

**ક્યારે ગુજરાત અસ્તિત્વમાં આવ્યું?**

ગુજરાતનું સ્વપ્ન સાકાર કરવા ઈન્દુચાચાનાં હુલામણા નામે ઓળખાતાં ઈન્દુલાલ યાજ્ઞિકે તત્કાલિન મુંબઈ રાજ્યમાંથી ગુજરાતને અલગ રાજ્ય તરીકે સ્થાપવા સપ્ટેમ્બર-૧૯૫૬માં મહાગુજરાત જનતા પરિષદની રચના કરીને શરૂ કરેલા મહાગુજરાત ચળવળને ૧ મે ૧૯૬૦નાં રોજ સફળતા મળી. ૧૯૬૦માં કેન્દ્ર સરકારે 'રાજ્ય પુનઃરચના કાયદો-૧૯૫૬'ના આધારે મુંબઈ રાજ્યનું વિભાજન કરીને બે અલગ રાજ્યની સ્થાપના કરી. કેન્દ્ર સરકારે દ્વિભાષી મુંબઈ રાજ્યનાં વિભાજનનો ખરડો પસાર કર્યો. ત્યારબાદ સૌરાષ્ટ્ર અને કચ્છ સહિતનાં અલગ ગુજરાત રાજ્યનું સ્વપ્ન સાકાર થયું.

લેખન
આ.પ્રો ડો સચિન જે પીઠડીયા
G.E.S Class 2- સરકારી વિનયન કોલેજ ભેંસાણ

# ખેડા જિલ્લાના રૂપપુરામાં ભુવાની ૩૦ વર્ષની ધતિંગલીલાનો પર્દાફાશ કરતું વિજ્ઞાન જાથા



## ઠાસરાના રૂપપુરામાં દોરા-ધાગા કરનાર ભુવાનો પર્દાફાશ : રામાપીરના ભુવા રમેશ જીવણભાઈ રાઠોડની કપટલીલા બંધ કરાવતું વિજ્ઞાન જાથા : બિમાર દર્દીઓના શરીરે નાળીયેર ફેરવી ઉપચાર કરતો હતો

(પ્રતિનિધિ દ્વારા)
અમદાવાદ તા.૧

ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના રૂપપુરા લાટ ગઢવીના મુવાડા ગામમાં છેલ્લા ૩૦ વર્ષથી દોરા-ધાગા, દર્દીઓને ઉપચાર, ધતિંગલીલા કરનાર ભુવા રમેશ જીવણભાઈ રાઠોડનો ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે ઠાસરા પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૫૨મો સફળ પર્દાફાશ કર્યો હતો. બિમાર દર્દીઓના શરીર ઉપર નાળીયેર ફેરવી ઉપચાર કરનારનો જાથાએ ભાંડાફોડ કર્યો હતો. ગામ લોકોએ ભુવા સામે રોષ વ્યક્ત કરી જાથાની પ્રશંસા ગ્રામજનોએ કરી હતી. બનાવની વિગત પ્રમાણે ડાકોર તીર્થધામની બાજુમાં આવેલ ઠાસરા તાલુકાના રૂપપુરા લાટ આસપાસ ગામના પ્રતિનિધિઓ રાજકોટ સ્થિત વિજ્ઞાન જાથાના કાર્યાલયે આવી રૂબરૂ હકિકતમાં જણાવ્યું કે અમારી ગામમાં રામાપીર મંદિરનું ધાર્મિક સ્થાન આવેલ છે. તેમાં ભુવા રમેશ તેના પિતા જીવણભાઈ સેવા-પૂજા સાથે જોવાનું કામ કરે છે. પાટોત્સવ સાથે અવારનવાર ઉજવણી કરી મોટેથી માઈકનો અવાજ રાખી રહીશોને ત્રાસ આપે છે. દર રવિવાર, મંગળવાર, ગુરૂવારે સાંજની આરતી પછી દુઃખ-દર્દ મટાડવાનું કામ કરે છે. રમેશ ભુવા બિમાર વ્યક્તિઓના શરીર ઉપર નાળીયેર ફેરવી ઉપચાર કરે છે. લાલ-લીલા દોરા આપે છે. એક હજારથી એકાવન હજાર રૂપિયા વસુલી બાધા રાખવાનું કામ સોંપે છે. સેવકોના ઘરે પધરામણી કરે છે. ભુવા રમેશ સામે મારા-મારીનો ગુન્હો દાખલ થયો છે. ગામ આખું ભુવાથી નારાજ છે. નવા મંદિરના નિર્માણનું કામ ચાલુ છે તેના ફંડ-ફાળાની અપીલ કરે છે. ઝગડાને કારણે ધાર્મિક સ્થાન ફેરવે છે. ભુવાના ચાર-પાંચ ખાસ માણસો વ્યવસ્થા કરે છે. છેલ્લા કેટલાક મહિનાથી રામાપીરના મંદિરના બદલે ઘરે જોવાનું કામ શરૂ કર્યું છે. ભુવા પરિવાર સેવા-પૂજા કરતા આર્થિક સંપન્ન થઈ ગયેલ છે. આરતી સમયે જ ખાસ ધૂણે છે. ઠાસરા, ડાકોર, સલુણ, આદિવાસી વિસ્તારમાંથી પીડિતો જોવડાવવા આવે છે. ગામ લોકોને ત્રાસ આપે છે. ભુવાની કપટલીલામાંથી મુક્ત કરવા અને સત્યનું ઉજાગર કરવા જાથા સમક્ષ માહિતી સ્તોત્ર આપેલ. ગામ લોકોની હકિકત જાથામાં રજીસ્ટર કરવામાં આવી હતી. જાથાના ચેરમેન જયંત પંડયાએ ગામ લોકોની હકિકત ખરાઈ કરવા બે વાર મહિલા સદસ્યા ભાનુબેન ગોહિલ અને ભક્તિબેનને રૂપપુરા લાટ મોકલેલ. તેમને લાલ-લીલા દોરા આપ્યા હતા. જરૂરી આધાર પુરાવા મેળવી લીધા, રેકોર્ડીંગ કરી લીધું. પર્દાફાશ સંબંધી પુરાવા મળી જતા રમેશ ભુવાનો ભાંડાફોડ કરવાનું નક્કી થયું. જાથાના ચેરમેન જયંત પંડયાએ પર્દાફાશ સમયે પોલીસ બંદોબસ્ત-રક્ષણની માંગણી રાજયના ગૃહ મંત્રાલય સચિવ, પોલીસ મહાનિર્દેશક, પોલીસ મહાનિરીક્ષક અમદાવાદ રેન્જ, એસ.પી. ખેડા જિલ્લાને પત્ર પાઠવ્યો. તેઓએ જિલ્લા પોલીસ કંટ્રોલ મારફત ઠાસરા પોલીસ સ્ટેશનને જરૂરી સુચના મોકલી દીધી. રાજકોટથી જાથાના જયંત પંડયાના વડપણ હેઠળ અંકલેશ ગોહિલ, સાહિલ રાજદેવ, પ્રકાશ મનસુખભાઈ, ગુલાબસિંહ, ભાનુબેન ગોહિલ, ડાકોરના આયુર્વેદિક ડોકટર યોગેશભાઈ, ખેડા જિલ્લાના જાથાના સદસ્યોને રૂપપુરા લાટ પહોંચી જવા સંદેશો મોકલી દીધો. ટીમ ઠાસરા પોલીસ સ્ટેશને પહોંચી ગઈ. જાથાના પંડયા સૌ પ્રથમ પી.એસ.આઈ. આર. કે. સોલંકી, પી.એસ.ઓ., એ.એસ.આઈ. વીણાબેન રાનજીભાઈ સાથે પરામર્શ કરતાં પર્દાફાશ માટે પો. કોન્સ્ટે. દિનેશભાઈ ભાનુભાઈ વાઘેલા, પો.કોન્સ્ટે. વિજયભાઈ ઉદેસંગભાઈ, રાઈટર જયસિંહ, સ્ટાફ રામાપીરના ભુવા રમેશ પાસે જવા નીકળ્યા. ભુવા રમેશ રાઠોડે ઘરમાં ધાર્મિક મઢ રાખ્યું હોય ત્યાં પહોંચ્યા ત્યારે બે વ્યક્તિ જોવડાવવા બેઠા હતા. પોલીસને જોઈને રવાના થઈ ગયા. જાથાના પંડયાએ પરિચય આપી દોરા-ધાગા, લાલ-લીલા દોરા બતાવ્યા. સાથે મહિલા ભાનુબેનનો પરિચય આપી બે વાર જોવડાવવા આવ્યા છે. આધાર પુરાવા છે. કાયમી બંધ કરવું, ભવિષ્યમાં માથાકુટ વધે નહિ તેવી સલાહ આપી. અગાઉ જાથા દેખરેખ રાખે છે તેવી ખબર પડી ગઈ હતી. તેથી મંદિરના બદલે ઘરે જોવાનું શરૂ કર્યું હતું. પરિસ્થિતિ પામી જઈ રમેશ ભુવા અને તેમના પિતા જીવણભાઈએ કાયમી બંધ કરીશું તેવી ખાત્રી આપી. ગામ લોકોની નારાજગીની વાત કરી, નવું ધાર્મિક સ્થાન બને છે તે બતાવવા સઘળી વાત થઈ. સ્થાનિક પોલીસે સમજ આપી, ભવિષ્યમાં મોટો ગુન્હો ન બને તેવું વિચારવા હિતમાં છે. જાથાના જયંત પંડયા સમક્ષ ભુવો રમેશ ભાંગી પડયો હતો. માફી પત્ર સાથે કબુલાતનામું આપવા સંમતિ આપી હતી. ગામની આગળ લોકોના ટોળેટોળા ભેગા થઈ ગયા હતા. જાથાની પ્રશંસા કરી હતી. ભુવાથી ગામ પરેશાન હતું. લોકોએ રાજીપો વ્યક્ત કર્યો હતો. ભુવાએ લાયસન્સ વગર ઉપચાર ન કરવો જોઈએ. મંદિરમાં સેવા-પૂજા, પાટોત્સવ ઉજવવો સૌનો કાયમી હક્ક છે. જાથા ધાર્મિક બાબતમાં અડચણ કરતું નથી. ધતિંગ લીલા સંબંધી વાત કરી હતી. ભુવા રમેશ જીવણે કબુલાતનામું આપી દોરા-ધાગા, ધતિંગ બંધની જાહેરાત કરી હતી. લોકોની માફી માંગી રૂપપુરા લાટમાં જોવડાવવા આવવું નહિ તેવી જાહેરાત કરી દીધી હતી. જાથાના ચેરમેન પંડયાએ અમદાવાદ રેન્જના આઈ.જી.પી., ખેડા જિલ્લ પોલીસ વડા, જિલ્લા એલ.આઈ.બી., જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ, ઠાસરા પોલીસ સ્ટેશનનો આભાર માન્યો હતો. ઉત્કૃષ્ઠ કામગીરી પો.કોન્સ્ટે. દિનેશભાઈ ભનુભાઈ, વિજયભાઈ ઉદેસંગભાઈએ કરી હતી. ઠાસરા, ડાકોર, સલુણ, આસપાસ ગામોમાં વિજ્ઞાન જાથાની ખબર પડતા લોકો રસ્તામાં મળવા ઉભા હતા. રમેશ જીવણ ભુવાના પર્દાફાશથી લોકો રાજી થયા હતા. જાથાએ કરેલા ૧૨૫૨માં પર્દાફાશમાં ભાનુબેન ગોહિલ, સાહિલ રાજદેવ, પ્રકાશ મનસુખભાઈ, અંકલેશ ગોહિલ, ગુલાબસિંહ, ડાકોરના યોગેશભાઈ વેદાચાર્ય, સદસ્યોએ ઉત્તમ કામગીરી બજાવી હતી. રાજયમાં દોરા-ધાગાની માહિતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર કરવા અપીલ છે.

# સૌ ગુજરાતી ભાઈ-બહેનોને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છાઓ અને અભિનંદન



ગાંધીનગર તા.૧

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતના સ્થાપના દિવસે ગુજરાતમાં અને ગુજરાત બહાર વસતા સૌ ગુજરાતીઓને તથા ગુજરાતીઓ પ્રત્યે સ્નેહ-સન્માન રાખતા સૌ કોઈને ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવી છે.

ગુજરાતના સ્થાપના દિવસ નિમિત્તે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું છે કે, ગુજરાત એક પ્રદેશ માત્ર નથી, ગુજરાત એક આગવી સંસ્કૃતિ અને સંસ્કાર છે... ગુજરાત એક રાજ્ય માત્ર નથી, ગુજરાત પ્રેમ અને કરુણા, શક્તિ અને ભક્તિ, સત્કાર્યો અને સખાવતનો અખૂટ સ્ત્રોત છે... ગુજરાત એક નામ માત્ર નથી, સમગ્ર વિશ્વમાં ભારતનું નામ રોશન કરનાર વિરલ વિભૂતિઓને જન્મ આપનાર પ્રતાપી અને પ્રેરણાદાયી ભૂમિ છે ગુજરાત...

આઠમી સદીમાં ગુર્જર પ્રજા અહીં આવીને વસી, ત્યારથી આ પ્રદેશ ગુજરાત તરીકે ઓળખાય છે અને આજે તો આખા વિશ્વમાં આ ગુજરાતે વિશેષ ઓળખ પ્રસ્થાપિત કરી છે.

સમગ્ર ભારત ગર્વ લઈ શકે એવા ગુજરાત રાજ્યનો આજે સ્થાપના દિવસ છે ત્યારે 'ગરવી ગુજરાત'ના નિર્માણમાં સહયોગ આપનાર સહુ કોઈ પ્રત્યે આભારનો ભાવ વ્યક્ત કરતા તેમણે તમામ ગુજરાતીઓને અભિનંદન પાઠવ્યા છે.

# જૂનાગઢમાં મહાપ્રભુ વલ્લભાચાર્યજીના ૫૪૭મા પ્રાગટય મહોત્સવની ભક્તિભાવ પુર્વક ઉજવણી થશે : વિવિધ કાર્યક્રમો

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧

જૂનાગઢમાં મહાપ્રભુ વલ્લભાચાર્યજીના ૫૪૭માં પ્રાગટય મહોત્સવ અંતર્ગત મોટી હવેલી ખાતે તા.૩ થી ૫ ત્રણ દિવસ દરમ્યાન પદયાત્રા, નાટીકા, ધર્મ સભા, નૃત્ય, રાસ, પાઠશાળાના બાળકોના વકતવ્ય સહિતના વિવિધ કાર્યક્રમ દ્વારા મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. જૂનાગઢમાં મહાપ્રભુ વલ્લભાચાર્યજીના પ્રાગટય મહોત્સવ અંતર્ગત મોટી હવેલી ઉત્સવ સમિતિ દ્વારા મોટી હવેલી ખાતે તા.૩ થી ૫ ત્રણ દિવસ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમના પ્રથમ દિવસે શુક્રવારે વહેલી સવારે મોટી હવેલીથી દામોદર કુંડ મહાપ્રભુજીની બેઠક સુધી પદયાત્રા યોજાશે. સાંજે મોટી હવેલીના ગોસ્વામી પિયુષબાવાના વકતવ્ય, રાત્રે પુષ્ટી સંસ્કાર સખી પરિવાર દ્વારા નાટીકા અને કિર્તન, બીજા દિવસે શનિવારે સવારે ધર્મ સભા, સાંજે પ્રવચન, પુષ્ટી સંસ્કાર સખી પરિવાર યુથ વિંગ દ્વારા નૃત્ય ત્યારબાદ રાસ કાર્યક્રમ યોજાશે. મહોત્સવના અંતિમ દિવસે રવીવારે સાંજે પુષ્ટી સંસ્કાર શાળાના બાળકો દ્વારા નૃત્ય, વકતવ્ય પ્રદર્શિત કરાશે ત્યારબાદ વલ્લભીય યુવા સંગઠન દ્વારા જ્ઞાનવર્ધક પુષ્ટી પ્રશ્ન મંચ કિવઝનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉમટી પડશે. ત્રિદિવસીય કાર્યક્રમને લઈ મોટી હવેલી ઉત્સવ સમિતિ દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

# જૂનાગઢના દયાશંકરભાઈ દવેનું અવસાન : કાલે પ્રાર્થના સભા બેસણું



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧

મુળ ગઢાળી(ગીર) હાલ જૂનાગઢ નિવાસી રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિના સેવાભાવી અગ્રણી દયાશંકરભાઈ આણંદભાઈ દવે(ઉ.વ.૮૫) તે રમણીકભાઈ તથા રાજેશભાઈ અને ઉલ્લાસબેનના પિતાનું તા.૩૦ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨ જી મે ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૭ આદિત્યેશ્વર મહાદેવ મંદિર આદિત્યનગર જોષીપરા જૂનાગઢ ખાતે રાખેલ છે. મો. નં.૯૭૧૨૬ ૮૯૯૫૮, ૯૯૭૪૩ ૯૧૨૮૧.

## અવસાન નોંધ



રાજકોટ : સ્વ. ગોપાલદાસ મથુરાદાસ સામાણીના પુત્ર દિનેશભાઈ (ઉ.વ. ૫૮) તે હરકિશનભાઈ, સ્વ. અતુલભાઈ તથા લીલમબેન રમેશકુમાર પલાણ (પોરબંદર)ના ભાઈ તેમજ ચિરાગ અને દર્પણના પિતાશ્રી તથા સ્વ. કાંતિલાલ જીવણદાસ કોટેચાના જમાઈ તારીખ ૧ ના રોજ અવસાન પામ્યા છે. તેમનું ઉઠમણું તથા સ્વસુર પક્ષની સાદડી ગુરૂવાર તારીખ ૨ ના રોજ સાંજે પાંચથી છ ધર્મેશ્વર મહાદેવ મંદિર, ધરમનગર મેઈન રોડ, સ્ટર્લીંગ હોસ્પિટલ પાછળ, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.


દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦


આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો


ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્ર નોરતા.. ચૈત્રી નોરતા માટે ખાસ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું શુધ્ધ ઘી- લેબોરેટરી ટેસ્ટ તથા ગાયનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨


વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉં તથા નાન રોટી
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

# જૂનાગઢની પીકેએમ કોલેજ ખાતે ચૂંટણી ફરજ સાથે જોડાયેલ ૧૦૪૨ સ્ટાફની તાલીમ યોજાઈ

## પોલિંગ સ્ટાફના ૧૧૬૨ કર્મીઓનું પોસ્ટલ બેલેટથી મતદાન પૂર્ણ




જૂનાગઢ,તા.૧

જૂનાગઢની પીકેએમ કોલેજ ખાતે ચૂંટણી ફરજ સાથે જોડાયેલ સ્ટાફની તાલીમ અને ત્યાર બાદ પોસ્ટલ બેલેટથી મતદાનની પ્રક્રિયા આજ રોજ બીજા દિવસે યોજાઈ હતી. બીજા દિવસે ચૂંટણી ફરજ સાથે જોડાયેલા ૧૦૪૨ સ્ટાફની તાલીમ યોજાઈ હતી. અને ત્યારબાદ ૧૧૬૨ પોલીંગ સ્ટાફે પોસ્ટલ બેલેટથી મતદાન પૂર્ણ કર્યું હતું. આ તકે ૧૩-જૂનાગઢ સંસદીય મતવિસ્તારના જનરલ ઓબ્ઝર્વર શ્રી મોહમ્મદ ઝુબેર અલી હાશ્મી એ ઉપસ્થીત રહી તાલીમાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તાલીમના પ્રથમ સેશનમાં સવારે ૨૧૯ પોલીંગ ઓફિસર અને બપોરના સેશનમાં ૮૨૩ મહિલા પોલીંગ ઓફિસરોએ માસ્ટર ટ્રેનર્સ પાસેથી મેન્યુલી અને પીપીટીના માધ્યમથી તાલીમ મેળવી હતી. આ તકે જનરલ જનરલ ઓબ્ઝર્વર મોહમ્મદ ઝુબેર અલી હાશ્મી એ સમગ્ર તાલીમનું નીરીક્ષણ કરી તાલીમાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. તેમજ જરૂરી માર્ગદર્શન આપ્યું હતુ.આ તાલીમમાં જૂનાગઢ પ્રાંત અધિકારી ચરણસીંઘ ગોહિલ, મામલતદારશ્ર, નાયબ મામલતદાર સહિતના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ ઉપસ્થીત રહયા હતા. અત્રે ઉલ્લેખની છે કે, ચૂંટણી ફરજ સાથે જોડાયેલ સ્ટાફની આ બીજી તાલીમ પૂર્ણ થઈ છે. હવે પછીની અંતિમ તાલીમ વિધાનસભામાં ફરજ નિભાવવાની હશે ત્યાં આગામી દિવસોમાં યોજાનાર છે.તાલીમ પૂર્ણ થયા બાદ ૧૧૬૨ પોલિંગ ઓફિસરો એ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું.

# જૂનાગઢ એસ.ટી. બસ સ્ટેન્ડમાં મતદાન જાગૃતિ માટે ગરબા મતદાન જાગૃતી માટે તંત્ર દ્વારા આગવો પ્રયાસ




જૂનાગઢ, તા.૧

જિલ્લા ચૂટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતી અર્થે એક આગવો પ્રયાસ કરવામાં આવ્યો છે. જૂનાગઢ એસ.ટી બસ સ્ટેન્ડ ખાતે ગુજરાતની આગવી ઓળખ એવા ગરબા કરી તા. ૭ મી મે એ અચુક મતદાન કરવા માટે સંદેશ આપ્યો હતો.

મહાનગર પાલિકા સંચાલિત આંગણવાડીની કિશોરીઓએ પરંપરાગત પરિધાનમાં ગરબા કર્યા હતા. આમ લોકશાહીના મહાપર્વમાં ગરબા થકી મતદારોને મતદાન માટે જાગૃત કરવામાં આવ્યા હતા. આ ગરબા બાદ નિર્ભયતાપૂર્વક, ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનોથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરવા માટે પ્રતિજ્ઞા લીધી. આ ક્રયક્રમને સફળ બનાવવા પ્રોગ્રામ ઓફિસર વત્સલાબેન દવેએ જહેમત ઉઠાવી હતી.

### પોરબંદર લોકસભા બેઠકમાં સમાવિષ્ટ

# કેશોદ અને માણાવદર વિધાનસભા મતવિસ્તારની ચૂંટણી કામગીરીની સમીક્ષા કરતા જનરલ ઓબ્ઝર્વર ટી. એન. વેંકટેશ

## જીલ્લા ચૂંટણી અધિકારી અનિલકુમાર રાણાવસિયાએ લોકસભા અને માણાવદર બેટકની પેટા ચૂંટણી માટેની પૂર્વ તૈયારીઓ - પૂર્ણ થયેલ કામગીરીથી અવગત કરાવ્યા






જૂનાગઢ, તા.૧


૧૧-પોરબંદર લોકસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ કેશોદ અને માણાવદર વિધાનસભા મતવિસ્તાર ઉપરાંત માણાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી સંદર્ભે જનરલઓબ્ઝર્વર શ્રી ટી.એન. વેંકટેશે આજેચૂંટણીલક્ષી કામગીરીની સમીક્ષા કરી હતી. આ સાથે તેમણે જૂનાગઢ કલેક્ટર કચેરી ખાતે એમસીએમસી હેઠળના મીડિયા સેન્ટર અને સી-વિજીલ કંટ્રોલ રૂમની મુલાકાત કરી જરૂરી વિગતો મેળવી હતી.

જિલ્લા ચૂંટણી અધિકારી અનિલકુમાર રાણાવાસિયા એકેશોદ અને માણાવદર વિધાનસભા મતવિસ્તારની સાથે ૮૫- માણાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે પૂર્વ તૈયારીઓ અને પૂર્ણ કરાયેલ કામગીરી વિશે વિગતવાર જાણકારી આપી હતી. ભારે ગરમીને ધ્યાનમાં રાખીને મતદાન મથકો ઉપર મતદારો માટે પીવાના પાણી, છાયડો ઉપરાંત આરોગ્ય સેવાની જાણકારી આપી હતી. આ સાથે ચૂંટણી ઓળખકાર્ડ- વોટર ઈન્ફોર્મેશન સ્લીપ વિતરણ સહિતની કામગીરીથી અવગત કરાવ્યા હતા.

જિલ્લા પોલીસ વડા શ્રી હર્ષદ મહેતાએ કાયદો અને વ્યવસ્થા, સુરક્ષા ધ્યાનમાં રાખી પોલીસ બંદોબસ્ત, ફ્લેગ માર્ચ વગેરે બાબતોથી જનરલ ઓબ્ઝર્વર ટી.એન. વેંકટેશને અવગત કર્યા હતા. આ બેઠક પૂર્ણ થયા બાદ ટી. એન. વેંકટેશે એમસીએમસી હેઠળ કાર્યરત મીડિયા સેન્ટરની મુલાકાત કરી કરી હતી. તેમણે ખાસ કરીને મીડિયા મોનિટરિંગ માટે વ્યવસ્થાની જાણકારી મેળવી હતી. અંતે સી-વિઝિલ કંટ્રોલ રૂમની મુલાકાત દરમ્યાન ફરિયાદોના નિરાકરણ માટે કાર્યવાહી સંદર્ભે જરૂરી ચર્ચા કરી હતી અને ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ કાર્યવાહી કરવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે,જનરલ ઓબ્ઝર્વર ટી. એન. વેંકટેશ તમિલનાડુ કેડરના ૨૦૦૧ની બેચના આઈએએસ ઓફિસર છે. આ બેઠક અને મુલાકાતો દરમ્યાન જિલ્લા ચૂંટણી અધિકારી અનિલકુમાર રાણાવસિયા, જિલ્લા પોલીસવડા હર્ષદ મહેતા, નિવાસી અધિક કલેકટર એન. એફ. ચૌધરી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી હર્ષ પટેલ સહિતના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# દ્વારકા કોરિડોર અંગે વાયરલ થયેલા અહેવાલોને વહીવટી સૂત્રો ફાઈનલ ગણાવતા નથી





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૦૨૩ માં તત્કાલિન જિલ્લા કલેક્ટર અશોક શર્મા કે જેમના માર્ગદર્શનમાં દ્વારકાના યાત્રાધામ સોમનાથનું વિસ્તૃતિકરણ તથા વિકાસ થયેલો તેમની આગેવાનીમાં દ્વારકા કોરિડોર બનાવવાનું જે આયોજન થયું હતું તેનું રિપોર્ટીંગ તથા સ્થાનિક તંત્ર દ્વારા રાજ્ય સરકારમાં મોકલાયેલ અહેવાલ વાયરલ થઈ જતા દ્વારકા જગત મંદિરના આસપાસ વિશાળ માત્રામાં ખાનગી જમીનોનો પણ આ વિકાસ કોરિડોરમાં કબજો લેવાય તેવું હોય, દોડધામ મચી ગઈ છે.

દ્વારકા કોરીડોરમાં દ્વારકામાં વિશ્વની સૌથી ઊંચી શ્રીકૃષ્ણની પ્રતિમા રાખવાની સાથે દ્વારકા સાથે જોડાયેલા વિવિધ વિકાસનું આયોજન હાથ ધરવામાં આવશે જેમાં દ્વારકાનું જગતમંદિર, ગોમતી ઘાટ, લાઈટહાઉસ, નાગેશ્વર, ગોપી તળાવ, રૂક્ષ્મણી મંદિર, બેટદ્વારકા મંદિર, ભડકેશ્વર મંદિર તથા સન સેટ પોઈન્ટ, શિવરાજપુર બીચનો સમાવેશ થાય છે. જાણવા મળતી વિગતો પ્રમાણે બેટદ્વારકાના મંદિરના વિકાસ સોમનાથ મોડેલ પ્રમાણે બનનાર છે, જેમાં સોમનાથ મંદિરની આસપાસનો તમામ વિસ્તાર મંદિર માટે તંત્રએ કબજે કરેલો છે. તેવું જ થશે અને વિશાળ વિસ્તારમાં વિકાસ થશે. નજીકનો વિસ્તાર કે જેમાં હાલના વિકાસ આયોજન માટે કુલ ૫૦.૯૬ એકર જમીનની જરૂરિયાત છે. જેમાં ૩૧.૯૩ ગોમતી ઘાટની જમીનો પુરાણ કરીને ત્યાં વિકાસ કામો થશે. જ્યારે ૬/૭૭ એકર સરકારી જમીનો છે, જ્યારે ૧૨.૨૫ એકર ખાનગી જમીનો છે જે કબજે કરવા જમીન સંપાદન થશે.

કુલ ૬૮૫ મિકલતો આ દ્વારકા કોરિડોરમાં ઉપયોગમાં લેવામાં આવનાર છે. જેમાં ૫૩૪ ખાનગી મિલકતો છે જેના સર્વે નંબર માલિક ક્ષેત્રફળ સાથેના પ્લાન પણ બની ગયેલા છે. ખાનગી લોકોની ૪૦ હજાર ચો.મી. જગ્યા જમીન સંપાદન થશે. દ્વારકા જગતમંદિરમાં વિશાળ વિકાસ સાથે વિશ્વની સૌથી ઊંચી શ્રીકૃષ્ણની પ્રતિમા, બુઈંગ ગેલેરી કડી ઈમરસન સેન્ટર, વોક-વે સાથે શ્રીકૃષ્ણના જીવન દર્શન સંબંધીત આર્ટ ગેલેરી, સમુદ્રમાં પારદર્શક ટ્યુબ સાથે અવશેષો દર્શન, વોલ પેઈન્ટીંગ, ભોજનશાળા, યજ્ઞશાળા, યાત્રી નિવાસ, પૂજન શાળા, સંકીર્તન હોય સહિતની સુવિધાઓ ઊભી થશે. દ્વારકા કોરિડોરનું આયોજન કરવાના સંદર્ભમાં તત્કાલિન જિલ્લા કલેક્ટર શ્રી અશોક શર્મા દ્વારા, વારાણસી તથા વૃંદાવનની મુલાકાત પણ લેવામાં આવી હતી તથા વિસ્તૃત અહેવાલ પણ સરકારને સોંપાયો હતો.

સોશ્યલ મીડિયામાં આ વિકાસ પ્લાન વાયરલ થતા તેમાં ઠગલાબંધ ખાનગી માલિકોની જમીનો આવી જતી હોય, ભારે દોડધામ મચી ગઈ છે, જો કે આ બાબતે એક ઉચ્ચ અધિકારીએ જણાવેલ કે આ નકશા પ્લાન જે સરકારમાં મંજુરી માટે મોકલાયેલ છે તે જેટલું મંજુરી થાય તે પ્રમાણે હાલના નકશામાં વધારો-ઘટાડો પણ થઈ શકે. ખાનગી મિલકતો મંદિર નજીકના એરિયામાં જે જરૂરી અને લેવી ફરજિયાત છે તે જમીન સંપાદન કબજે તેમને સરકાર તરફથી મળતું વળતર આપીને લેવામાં આવશે. હાલ જે આયોજન જાહેર થયું છે તે ફાયનલ નથી.જિલ્લા કલેક્ટર પંડ્યા દ્વારા પણ આ નકશા સત્તાવાર રીતે નક્કી કર્યા હોવાની ના જણાવાય છે તથા હાલ દ્વારકા કોરિડોરનું આયોજન થઈ રહ્યું છે હજુ કંઈ ફાયનલ નથીનું જણાવ્યું હતું.જે નક્શો જાહેર થયેલ છે તેમાં તથા હાલ મંદિર નજીક વિકાસ માટે જરૂરી જમીનો કે જ્યાં રહેણાંક ઘરો, હોટલો આવેલ છે તે પૈકી અનેકના સ.નં. આ વિકાસ કોરિડોરમાં આવી જવાની પણ પૂર્ણ સંભાવના છે. એક અધિકારીએ જણાવેલ કે જ્યાં રોજ એકાદ લાખ માણસ તહેવારોમાં ભેગા થતા હોય ત્યાં માણસોને ઉભવાની દર્શન માટે વિશાળ જગ્યાની તો જરૂર પડે જ ને? દ્વારકાનો વિકાસ પ્લાન સમગ્ર જિલ્લામાં ચર્ચાને પાત્ર બન્યો છે.

# ICC મેન્સ T20 વર્લ્ડ કપ ૨૦૨૪ માટે ભારતની ટીમની જાહેરાત કરાઈ

| ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2024 – ભારતની ફિક્સર (ગ્રુપ A મેચો) | | | |
|---|---|---|---|
| તારીખ | દિવસ | મેચ | સ્થળ |
| 05-જૂન-24 | બુધવાર | ભારત વિ આયર્લેન્ડ | નાસાઉ કાઉન્ટી ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ, ન્યૂ યોર્ક |
| 09-જૂન-24 | રવિવાર | ભારત vs પાકિસ્તાન | નાસાઉ કાઉન્ટી ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ, ન્યૂ યોર્ક |
| 12-જૂન-24 | બુધવાર | યુએસએ vs ભારત | નાસાઉ કાઉન્ટી ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ, ન્યૂ યોર્ક |
| 15-જૂન-24 | શનિવાર | ભારત વિ કેનેડા | સેન્ટ્રલ બ્રોવર્ડ પાર્ક અને બ્રોવર્ડ કાઉન્ટી સ્ટેડિયમ, લોડરહિલ |

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧

આગામી ICC મેન્સ T20 વર્લ્ડ કપ ૨૦૨૪ માટે વરિષ્ઠ પસંદગી સમિતિએ મંગળવારે ભારતની ૧૫-સભ્યની ટીમની પસંદગી કરી, જે વેસ્ટ ઈન્ડિઝ અને યુએસએમાં યોજાશે.

ભારત ૦૫ જૂન, ૨૦૨૪ના રોજ નાસાઉ કાઉન્ટી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ, ન્યૂયોર્ક ખાતે આયર્લેન્ડ સામે તેના વિશ્વ કપ અભિયાનની શરૂઆત કરશે, ત્યારબાદ તે જ સ્થળે ૦૯ જૂન, ૨૦૨૪ના રોજ પાકિસ્તાન સામે માર્કી ટક્કર થશે. ત્યારબાદ ભારત ૧૨ અને ૧૫ જૂને અનુક્રમે યુએસએ અને કેનેડા સામે રમશે.

**ભારતની ટીમ**

રોહિત શર્મા (કેપ્ટન), હાર્દિક પંડ્યા (વાઈસ કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ, ઋષભ પંત (WK), સંજુ સેમસન (WK), શિવમ દુબે, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ, અર્શદીપ સિંહ, જસપ્રિત બુમરાહ, મોહમ્મદ. સિરાજ. અનામત - શુભમન ગિલ, રિંકુ સિંહ, ખલીલ અહેમદ અને અવેશ ખાનનો સમાવેશ થાય છે. કેપ્ટન રોહિત શર્મા અને પસંદગી સમિતિના અધ્યક્ષ અજીત અગરકર આવતીકાલ તા.૨જી મેના રોજ સાંજે ૪ વાગ્યે મુંબઈમાં BCCI મુખ્યાલય ખાતે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધશે.

# આજે ૧ મે -આંતરરાષ્ટ્રીય કામદાર દિવસ




મે દિવસ જેને વર્કર્સ ડે અથવા ઈન્ટરનેશનલ વર્કર્સ ડે પણ કહેવાય છે, તે દિવસ છે જે કામદારો અને મજૂર ચળવળ દ્વારા કરવામાં આવેલા સંઘર્ષો અને લાભોની યાદમાં આવે છે. તે ઘણા દેશોમાં ૧ મેના રોજ મનાવવામાં આવે છે.૧૮૮૬ના હેમાર્કેટ અફેરની યાદમાં ૧ મેને આંતરરાષ્ટ્રીય કામદાર દિવસ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. તે વર્ષમાં ૧ મેથી શરૂ થતાં, આઠ કલાકના કામકાજ માટે સામાન્ય હડતાળ હતી.મજૂર દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય મજૂર વર્ગની સખત મહેનત અને સમર્પણને સ્વીકારવાનો, તેમના અધિકારો વિશે જાગૃતિ લાવવાનો અને તેમને શોષણથી બચાવવાનો છે. આ દિવસ વૈશ્વિક સ્તરે ઉજવવામાં આવે છે, અને કેટલાક દેશોમાં, તેને કામદાર દિવસ તરીકે ઓળખવામાં આવે છે.જો કે, ભારતમાં, ૧ મે ૧૯૨૩ના રોજ હિન્દુસ્તાનની મજૂર કિસાન પાર્ટીની શરૂઆત થયા બાદ આ દિવસને મનાવવાનું શરૂ કર્યું. સરકારે દરેકને મજૂર દિવસ પર રાષ્ટ્રીય રજાની મંજૂરી આપવી જોઈએ એવો ઠરાવ. ત્યારથી દર વર્ષે મે દિવસ મનાવવામાં આવે છે.

ટોચના લેબર ડે સ્લોગન

૧. કામદારોનું સન્માન કરો.
૨. સખત મહેનત કરો, ક્યારેય છોડશો નહીં!!
૩. શ્રમ દરેક વસ્તુ પર વિજય મેળવે છે.
૪. ફાઉન્ડેશનના કાર્યકરો.
૫. કાર્યકર્તાઓ રાષ્ટ્રની શક્તિ.
૬. ફોરવર્ડ ૪એવર, પછાત ક્યારેય નહીં.
૭. શ્રમ વિના મોટું કંઈ શક્ય નથી.
૮. શ્રમના ગૌરવ માટે લડવું.

લેબર ડે (યુનાઈટેડ સ્ટેટ્સમાં લેબર ડે) એ કામદારોની સિદ્ધિઓની ઉજવણી કરવા માટે વાર્ષિક રજા છે. મજૂર દિવસની ઉત્પત્તિ મજૂર યુનિયન ચળવળમાં છે, ખાસ કરીને આઠ કલાકની દિવસની ચળવળ, જે આઠ કલાક કામ માટે, આઠ કલાક મનોરંજન માટે અને આઠ કલાક આરામની હિમાયત કરે છે.કામદારો અથવા મજૂર વર્ગ દ્વારા કરવામાં આવેલા મહાન કાર્યને સન્માનિત કરવા અને પ્રશંસા કરવા માટે દર વર્ષે ૧ મેના રોજ મે ડે અથવા લેબર ડે ઉજવવામાં આવે છે. ગુજરાત દિવસ અથવા ગુજરાત સ્થાપના દિવસ ૧ મેના રોજ ઉજવવામાં આવે છે. ૧૯૬૦ માં, બોમ્બે રાજ્યના અલગ થયા પછી ગુજરાત રાજ્યની રચના કરવામાં આવી હતી.

-ડો.જી.આર.ગોહિલ

### ચૂંટણી લોકશાહીનું મહાપર્વ રાષ્ટ્રનું ગર્વ

# જૂનાગઢમાં મતદાન કરનાર ગ્રાહકને નાસ્તાના બિલ ઉપર ૧૦% ડિસ્કાઉન્ટ

આપણા બંધારણના આમુખમાં સ્પષ્ટ જણાવાયું છે કે, આપણે લોકશાહી, બિનસાંપ્રદાયિક અને પ્રજાસત્તાક દેશ છીએ. અબ્રાહમ લિંકને લોકશાહી ની વ્યાખ્યા આપતા કહ્યું હતું કે, લોકશાહી એટલે લોકોનું, લોકો માટેનું અને લોકો દ્વારા ચાલતું શાશન.



ઉપરોક્ત વ્યાખ્યા ઉપરથી સ્પષ્ટ થાય છે કે, લોકશાહીનું સાચું બળ કે આત્મા જનતા છે. જનતા જનાર્દન પોતાને મળેલા મતાધિકારના અમોઘ શસ્ત્ર વડે ભલભલા રાજકીય નેતાઓને રાજમહેલમાં બેસાડી શકે છે અને રાજમહેલમાંથી ફૂટપાથ ઉપર મૂકી દે છે. લોકશાહી દેશમાં બંધારણે આપેલ મતાધિકારનો ઉપયોગ દરેક જાગૃત નાગરિકો એ અચૂક કરવો જોઈએ. નિર્વાચન આયોગ પણ દેશમાં મુક્ત નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણીઓ યોજાય તે માટે જાગૃત અને સતર્ક રહે તે આવશ્યક છે.

વિશ્વમાં ભારત સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે. દુનિયાના સૌથી મોટા લોકશાહી દેશના મતાધિકારનું દાયિત્વ વિશેષ છે. દરેક મતદારે પોતાને મળેલ મતાધિકારનો ઉપયોગ જાગૃત રહી વિવેકબુદ્ધિ તથા ડાહપણ થી કરવો જોઈએ. વધુમાં વધુ મતદાન થાય એવા પ્રયાસ થવા જોઈએ. પોતાના કામ ધંધા રોજગાર કે નોકરી માંથી સમય કાઢી અચૂકપણે મતદાન કરવું જોઈએ. ચૂંટણીઓ લોકશાહી નો આત્મા છે. તે સાચા અર્થમાં સાર્થક થાય તે માટે લોકો એ પોતાના યોગ્ય પ્રતિનિધિ ને ચૂંટી મોકલવા જોઈએ. આપણો મત અમૂલ્ય છે, કીમતી છે. આપણો મત ભારત ના ભાગ્ય નું નિર્માણ કરી શકે છે. કોઈ પક્ષ ને સતાં ઉપર બેસાડી શકે છે સત્તા પરથી ઉઠાડી શકે છે. તો આવો મળેલ આ અમૂલ્ય અવસરને ઉત્સવમાં બદલી નાખીએ. હર્ષોલ્લાસ થી ચૂંટણી પર્વ ઉજવીએ.મતદાન ને પ્રોત્સાહન મળે એ માટે નાસ્તો કરનાર ગ્રાહકને મતદાન કરેલ હોય તેમને રૂપિયા ૧૦૦ના નાસ્તાના બિલ ઉપર તા. ૭ મે ના રોજ સુભાષ પાણીપુરી, દીવાન ચોક ખાતે ૧૦% વળતર આપવામાં આવશે.

**આલેખન : સુભાષ પાણીપુરીવાળા**
(B.com.L.L.B) દીવાન ચોક, જૂનાગઢ
મો. ૯૮૭૯૩ ૬૨૯૧૮

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# વર્તમાન સમયમાં ભ્રામક જાહેરાતોનું ઘોડાપુર

હાલના સમયમાં જાહેરાત બજારની દુનિયાનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો બની ચૂકી છે. એક રિપોર્ટ અનુસાર, ૨૦૨૨માં વૈશ્વિક જાહેરાત બજારનો આકાર ૬૧૫.૨ અબજ અમેરિકી ડોલર હતો, જે આગામી કેટલાંક વર્ષોમાં ૮૦૦ અબજ ડોલર થવાનું અનુમાન છે. આંકડા જોઈએ તો સરેરાશ વ્યક્તિ પ્રતિદિન ૨૦૦થી ૩૦૦ જાહેરાત સુધી જુએ છે. જાહેરાત લોકોને માહિતી આપવા અને ઉત્પાદનો વગેરે વિશે જાગરુક કરવાનું એક પ્રભાવી માધ્યમ છે. પરંતુ હાલના સમયમાં જે પ્રકારે ભ્રામક જાહેરાતોનું ઘોડાપૂર આવ્યું છે, તે સમાજ માટે સમાધાન ઓછું, સમસ્યા વધુ બનતી દેખાઈ રહી છે.

જાહેરાત આપનારનો ઈરાદો મનોવૈજ્ઞાનિક રૂપે તમને પ્રભાવિત કરીને તમારા વિચારો અને નિર્ણયોને પ્રભાવિત કરવાનો હોય છે. માત્ર સાત દિવસમાં કાળામાંથી ગોરા કરવા કે પછી એક ખુશ્બુદાર ડિઓડ્રન્ટના સ્પ્રે માત્રથી મહિલાઓ તમારા પ્રત્યે ખેંચાઈ આવવાનો દાવો કરનારી જાહેરાતો તમે ખૂબ જોઈ હશે. હમણાં થોડા દિવસ પહેલાં સાયન્સ જર્નલ 'મેડિસિન'એ ભારતમાં વેચાતા અને વપરાતા સૌથી લોકપ્રિય પ્રોટીન પાઉડરની ૩૬ વિભિન્ન બ્રાન્ડો પર કરવામાં આવેલ વિશ્લેષણના નિષ્કર્ષ પ્રકાશિત કર્યા હતા. વિશ્લેષણથી ખબર પડી કે ૩૬ પૂરકોમાંથી લગભગ ૭૦ ટકામાં પ્રોટીનની ખોટી માહિતી હતી, કેટલીક બ્રાન્ડ પોતાના દાવા કરતાં માત્ર અડધું જ પ્રોટીન આપતી હતી. તે ઉપરાંત લગભગ ૧૪ ટકા નમૂનામાં હાનિકારક ફૂગ હતી, જ્યારે ૮ ટકા નમૂનામાં કીટનાશકોના અવશેષો મળી આવ્યા! આ પરિણામો ભ્રામક જાણકારી, પારદર્શિતાનો અભાવ અને એવાં ઉત્પાદનોથી પેદા સંભવિત સ્વાસ્થ્ય જોખમો વિશે વધતી ચિંતાને દર્શાવે છે.

પર્યાવરણીય સ્થિરતા અને સચેત ઉપભોગ વિશે ચિંતિત દુનિયામાં ગ્રીનવોશિંગ એક વધતી ચિંતા બની ગઈ છે. ગ્રીનવોશિંગ, જેને ઉત્પાદનો કે સેવાઓ વિશે ભ્રામક પર્યાવરણીય દાવા રૂપે પરિભાષિત કરવામાં આવ્યું છે, તેણે નિયામકો, ગ્રાહકો અને વકીલાત સમૂહોનું સમાન રૂપે ધ્યાન આકર્ષિત કર્યું છે. હાલમાં જ યુરોપીય સંસદ અને ભારતીય ન્યાયપાલિકા, બંનેએ આ મુદ્દાને સંબોધિત કરવા માટે નિર્ણાયક પગલાં ભર્યાં, જે સખત નિયમો અને વિતરણ પ્રથાઓમાં વધુ જવાબદારી તરફ વૈશ્વિક બદલાવનો સંકેત છે. આ જ રીતે ભારતીય ન્યાયપાલિકા દ્વારા ઉત્પાદનોની પ્રભાવકતા વિશે ભ્રામક અને નિરાધાર દાવા કરવા બદલ પતંજલિ સમૂહની નિંદા કરવી કંપનીઓને તેમના માર્કેટિંગ પ્રત્યે જવાબદાર બનાવવાના મહત્ત્વને રેખાંકિત કરે છે. ન્યાયપાલિકાનો નિર્ણય ગ્રાહકોને ખોટી માહિતીના આધાર પર વિકલ્પ પસંદ કરવાથી બચાવે છે અને એ સુનિશ્ચિત કરે છે કે કંપનીઓ પોતાના માર્કેટિંગમાં નૈતિક માપદંડોનું પાલન કરે.

ગ્રીનવોશિંગ કે ભ્રામક જાહેરાત ન માત્ર ગ્રાહકોને ગુમરાહ કરે છે, પરંતુ ટકાઉ પ્રથાઓને ઉત્તેજન આપવા અને પર્યાવરણીય પ્રભાવને ઘટાડવાના પ્રયાસોને પણ કમજોર કરે છે. ભ્રામક જાહેરાતો પર લગામ કસીને નિયામક કંપનીઓને વધુ જવાબદાર અને પારદર્શી માર્કેટિંગ રણનીતિ અપનાવવા માટે પ્રોત્સાહિત કરી શકે છે.

ભ્રામક જાહેરાતોને સંબોધિત કરવા માટે બહુઆયામી દૃષ્ટિકોણની જરૂર છે, જેમાં નિયામકો, ઉદ્યોગ હિતધારો, ગ્રાહકો અને જનતા વચ્ચે સહયોગ સામેલ હોય છે. નિયામક એ સુનિશ્ચિત કરતાં કે કંપનીઓ જાહેરાતમાં સચ્ચાઈનું પાલન કરે છે, પર્યાવરણીય દાવા માટે સ્પષ્ટ દિશાનિર્દેશ અને માપદંડ સ્થાપિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. વ્યવસાયો અને વેપાર સંઘો સહિત ઉદ્યોગ હિતધારકોની નૈતિક માર્કેટિંગ પ્રથાઓ જાળવી રાખવા અને ગ્રાહકોને સાચી જાણકારી આપવાની જવાબદારી છે. ગ્રાહક હિમાયતી જૂથો ભ્રામક પ્રચાર વિશે જાગૃકતા વધારવા અને ભ્રામક માર્કેટિંગ રણનીતિ માટે કંપનીઓને જવાબદાર ઠેરવવામાં ભૂમિકા નિભાવી શકે છે.

તે ઉપરાંત, ગ્રાહક ખુદ ટકાઉ ઉપભોગ પ્રથાઓ વિશે ખુદને શિક્ષિત કરે અને પર્યાવરણીય પ્રબંધન પ્રત્યે વાસ્તવિક પ્રતિબધ્ધતા પ્રદર્શિત કરનારી બ્રાન્ડોનું સમર્થન કરીને ગ્રીનવોશિંગ વિરુદ્ધ લડાઈમાં યોગદાન આપી શકે છે. નિયમોને મજબૂત બનાવવા, જાગૃતિ વધારવા અને જવાબદારી વધારવા માટે નિરંતર પ્રયાસોની જરૂર છે, માત્ર ત્યારે જ આપણે એ સુનિશ્ચિત કરી શકીશું કે ગ્રાહકો પાસે સચોટ જાણકારી પહોંચી રહી છે, જેથી તે પોતાની પ્રાથમિકતાઓ અને મૂલ્યોને અનુરૂપ વિકલ્પ પસંદ કરી શકે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સંસારમાં સર્વશ્રેષ્ઠ જ્ઞાનદાન છે...

- ઋગ્વેદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૮ કાલાષ્ટમી, ગુજરાત-મહારાષ્ટ્ર સ્થાપના દિન તા.૧ મે ૨૦૨૪, બુધવાર, પારસી તા.૨૦, મુસ્લિમ તા.૨૧, શ્રવણ નક્ષત્ર, શુભ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૧૯, સૂ.અ.૭:૧૭

આજનો દિવસ મધ્યમ છે

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.


- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: લાભની તક અટકે, મિલન-મુલાકાતમાં સફળતા રહે.
વૃષભ:મહત્વના કાર્યમાં પ્રગત્તિ થાય. મનની ઈચ્છા ફળે.
મિથુન:ચિંતાનો ઉકેલ મળે. કાર્યમાં સફળતા મળે.
કર્ક: ગૃહજીવનમાં ચકમક ઝરે. નવા લાભની આશા ફળે.
સિંહ: વ્યર્થ ભાગદોડ કરવી પડે. સત્યપ્રવાહમાં ચાલતા હોઈએ તેવું અનુભવાય.
કન્યા: નવિન તક સાંપડે. જીવનસાથીના સહકારથી કાર્ય સફળતા મળે.
તુલા: જમીનને લગતા કાર્યોમાં સફળતા મળે. રોકાયેલા નાણાં છૂટા થાય.
વૃશ્ચિક:મહત્વના પ્રશ્નોનો ઉકેલ આવે. માંગલિક કાર્યોમાં ધન વ્યય થાય.
ધન: આવકવૃધ્ધિના નવા માર્ગો ખૂલે. વિરોધીઓથી સાવધ રહેવું.
મકર: કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.
કુંભ: નવિન લાભની તક સાંપડે. મનની મુંઝવણ દૂર થાય.
મીન: ધીરજના ફળ મીઠા મળે. નાણાંભીડમાંથી માર્ગ મળે.

### ગરબા, મહેંદી, રંગોળી જેવા કાર્યક્રમનું આયોજન

# ગુજરાતમાં મતદાન વધારવા માટે તંત્રની તૈયારીઓ શરૂ

## મે મહિનાની કાળઝાળ ગરમીમાં કચ્છ અને સૌરાષ્ટ્રમાં મતદાન વધારવા ખાસ ભાર મૂકવામાં આવ્યો છે



ગાંધીનગર, તા.૧

લોકસભાની ચૂંટણીમાં ૫૦% થી ઓછું મતદાન થયું હોય તેવા મતદાન મથકો અને બૂથ ચૂંટણી પંચ દ્વારા ઓળખી કાઢવામાં આવ્યા છે. રાજ્યમાં ૨૯૯૧ બુથ પર મતદાન ૫૦% થી ઓછું નોંધાયેલ છે.

આ તમામ બુથ પર વધુ મતદાન કરાવવા માટે ચૂંટણીપંચ દ્વારા કલેકટરોને તાકીદ કરવામાં આવી છે. મે મહિનાની કાળઝાળ ગરમીમા કચ્છ અને સૌરાષ્ટ્રમાં મતદાન વધારવા ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. કેન્દ્રીય ચૂંટણી પંચના મુખ્ય કમિશનર રાજીવ કુમાર તથા જ્ઞાનેશકુમાર અને સુખવીર સિંહ ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી સાથે ઓછુ મતદાન ધરાવતા બુથ પર મતદાન વધારવા તાકીદ કરી છે.

ડિસેમ્બર ૨૦૨૨માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી દરમિયાન ૫૦ ટકા કરતાં ઓછું મતદાન થયું હોય તેવી બેઠક પર જિલ્લાવાર બુથો અલગ તારવવામાં આવ્યા છે. ૨૦૨૨ ચૂંટણીમાં ૩,૪૮૯ બુથ પર ઓછું મતદાન થયું હતું. એમાં સુરતની બેઠક બિનહરીફ થતા આ જિલ્લાના ૪૯૮ બુથમાંથી બાદ કરાતા હવે ૨૯૯૧ બુથ એવા છે કે જ્યાં મતદાન વધારવા માટે જિલ્લા કલેકટરોને તાકીદ કરવામાં આવી છે.

કચ્છ જિલ્લાના ૨૯૮, બનાસકાંઠાના ૫૨, પાટણના ૩૫, મહેસાણાના ૫૦, સાબરકાંઠાના ૬, અરવલ્લીના ૯, ગાંધીનગરના ૪૦, અમદાવાદના ૪૬૮, સુરેન્દ્રનગરના ૧૩૭, મોરબીના ૨૨, રાજકોટના ૧૨૪, જામનગરના ૧૧૯, દ્વારકાના ૩૩, પોરબંદરના ૫૦ જૂનાગઢના ૧૨૨, ગીર સોમનાથના ૪૮, અમરેલીના ૨૪૬, ભાવનગરના ૧૯૬, બોટાદના ૧૫૪, આણંદના ૩૨, ખેડાના ૩૨, મહીસાગરના ૭૪, પંચમહાલના ૪૧, વડોદરાના ૭૦, છોટાઉદેપુરના ૩૧, નર્મદાના ૯, ભરૂચના ૫૬, સુરતના ૪૯૮, તાપીના ૩, ડાંગના ૩૭, નવસારીના ૧૫ અને વલસાડના ૬૨ મતદાન મથકો પર ૫૦% થી ઓછું મતદાન નોંધાયું હતું.

આ સિવાય જ્યાં મહિલાઓએ મતદાન ઓછું કર્યું છે ત્યા વધુ મતદાન થાય તેવા ગામોમાં ગરબા, મહેંદી, રંગોળી જેવા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સખી મંડળોએ ગ્રામજનોને મતદાન કરવા પ્રેરણા આપી રહી છે. ગત ચૂંટણી દરમિયાન પુરુષો કરતાં સ્ત્રીના મતદાનમાં ૧૦% નો તફાવત હોય તેવા ગામ અને બુથવાર મહિલા મતદારોને જાગૃત કરવા માટેનો સઘન પ્રયાસ ચૂંટણી પંચ દ્વારા શરૂ કરવામાં આવ્યો છે.

# શિવરાજપુર બીચ ખાતે માનવસાંકળ બનાવીને અચૂક મતદાન કરવા લોકોને અપાયો સંદેશ



(પ્રતિનિધી દ્વારા) જામ ખંભાળિયા, તા.૧

આગામી લોકસભા ચૂંટણીમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મહત્તમ મતદારો મતદાન તરફ પ્રોત્સાહિત થાય અને પોતાના પવિત્ર મતદાનની ફરજ અદા કરીને લોકશાહીના મહાપર્વમાં સહભાગી બને તે માટે નોડલ ઓફિસર સ્વીપ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મધુબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ અનેકવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રવાસન સ્થળ શિવરાજપુર બીચ ખાતે દ્વારકા તાલુકાના શિક્ષકો દ્વારા માનવ સાંકળ બનાવીને લોકશાહીના આ અવસરમાં અચૂક મતદાન કરવાનો પ્રેરક સંદેશ આપ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં પર્યટકો પણ જોડાયા હતા.



# ખંભાળિયાના ગ્રામ્ય વિસ્તારમાં ધમધમતા જુગારના અખાડા પર

## રૂા.૧.૦૫ લાખના મુદામાલ સાથે છ ઝબ્બે



(પ્રતિનિધી દ્વારા) જામ ખંભાળિયા, તા.૧

ખંભાળિયા પંથકમાં એલ.સી.બી. પોલીસ દ્વારા ચૂંટણીને અનુલક્ષીને હાથ ધરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત સ્થાનિક ગુના શોધક શાખાના પોલીસ ઈન્સ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એલ.સી.બી.ના એ.એસ.આઈ. મશરીભાઈ ભારવાડીયા, લાખાભાઈ પિંડારિયા તથા અરજણભાઈ આંબલીયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા નજીક આવેલા હાપીવાડી સીમ વિસ્તારમાં રહેતા વીરપાલ હરદાસ મશુરા નામના ૫૫ વર્ષના ગઢવી આધેડ દ્વારા આ જ વિસ્તારમાં માલદે વિરમ સિંધિયાની વાડીએ આવેલા રહેણાંક મકાનમાં પોતાના અંગત ફાયદા માટે બહારથી જુગાર રમવા માટે જુગારીઓને બોલાવી અને અહીં તેના દ્વારા જુગારીઓને ચા-પાણી, લાઈટ અને જુગારના સાધનોની વ્યવસ્થા પૂરી પાડી અને ચાલતા જુગારના અખાડા પર દરોડો પાડવામાં આવ્યો હતો.

આ સ્થળેથી પોલીસે હરીપર ગામના વીરપાલ હરદાસ મશુરા, સલાયાના અલીઅકબર રજાક સંઘાર, અજીજ જુમા સુરાણી, ઉમર કાસમ બંદરી, લલિયા ગામના ધારા જેસા ધારાણી અને ભીંડા ગામના ગોવિંદગર નથુગર ગોસાઈ નામના છ શખ્સોને દબોચી લીધા હતા.

ઝડપાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂપિયા ૩૮,૯૫૦ રોકડા, રૂપિયા ૧૧,૫૦૦ ની કિંમતના પાંચ નંગ મોબાઈલ ફોન તેમજ રૂપિયા ૫૫,૦૦૦ ની કિંમતના ત્રણ મોટરસાયકલ મળી, કુલ રૂપિયા ૧,૦૫,૪૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલની સૂચના મુજબ પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી, એ.એલ. બારસીયા, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા, મસરીભાઈ ભારવાડીયા, લાખાભાઈ પિંડારિયા, ભરતભાઈ જમોડ, દિનેશભાઈ માડમ તથા અરજણભાઈ આંબલીયા દ્વારા કરવામાં આવી હતી.

# ખંભાળિયાના બેહ ગામે જુંગીવારા ધામ ખાતે પાટોત્સવની ઉજવણી સંદર્ભે મીટીંગ યોજાઈ

## તા. ૧૦ ના રોજ આઠમા પાટોત્સવની ઉજવણીમાં હજારો ભક્તો



(પ્રતિનિધી દ્વારા) જામ ખંભાળિયા, તા.૧

ખંભાળિયા તાલુકાના બેહ ગામે આવેલા જુંગીવારા ધામ ખાતે આગામી તારીખ ૧૦ મે ના અખાત્રીજના પવિત્ર દિને વીર વછરાજ જુંગીવારા વાછરાભાઈનો આઠમા પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ આ ભવ્ય ઉજવણી માટે વીર વચ્છરાજના પટાંગણમાં આ કાર્યક્રમની પૂર્વ તૈયારી અર્થે બેહ ગામના વડીલોની ઉપસ્થિતિમાં ખાસ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ખંભાળિયા - દ્વારકા માર્ગ પર અત્રેથી આશરે ૨૮ કિ.મી. દૂર જિલ્લાના સુપ્રસિદ્ધ ધામો પૈકીના આ જુંગીવારા ખાતે સોમવાર અને ગુરુવારે દૂર દૂરથી મોટી સંખ્યામાં લોકો નિયમિત રીતે દર્શન કરવા આવે છે. જુંગીધામ ખાતે શ્રી જુંગીવારા અન્નક્ષેત્ર ટ્રસ્ટના નેજા હેઠળ દરરોજ મોટી સંખ્યામાં લોકો પ્રસાદનો લાભ લ્યે છે. અહીં અઢારેય વર્ણ માટે આસ્થાના કેન્દ્ર જુંગીવારા ધામ ખાતે પાટોત્સવની ઉજવણીમાં દર વર્ષે હજારોની સંખ્યામાં વછરાજ ભક્તો સૌરાષ્ટ્રભરમાંથી આવે છે.બેહ ગામના વડીલોના માર્ગદર્શન હેઠળ આગેવાનો અને યુવાનો દ્વારા આગામી અખાત્રીજના દિવસે યોજાનારા આ કાર્યક્રમનું સુચારુ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં સવારે નૂતન ધ્વજારોહણ તેમજ શાસ્ત્રીજી ચેતન મહારાજના આચાર્ય પદે મહાયજ્ઞ અને સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ અને રાત્રે ગૌશાળાના લાભાર્થે ભવ્ય સંતવાણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કચ્છથી દેવરાજભાઈ ગઢવી (નાનો ડેરો), વિજય ગઢવી, તૃપ્તિબેન ગઢવી સહિત કલાકારો દ્વારા ભજન-સંતવાણીની રમઝટ બોલાવશે. આ સમગ્ર આયોજન માટે બેહ ગામના જુંગીવારા ધામ દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

# ગૌણ સેવા મંડળ દ્વારા મોકૂફ પરીક્ષાની નવી તારીખો જાહેર

ગાંધીનગર, તા.૧

ગુજરાત સહિત સમગ્ર દેશમાં લોકસભા ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે તેના કારણે ગુજરાત રાજ્યમાં ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પરીક્ષામાં પાછળની તારીખ મકુક રાખવામાં આવેલી હતી. પરંતુ હવે તેની તારીખ આવી ગઈ છે જે પાંચમા મહિના (મે મહિનો)ની ૧૧,૧૩,૧૪,૧૬ અને ૧૭ તેમજ ૨૦ તારીખના રોજ ચાર શિફ્ટમાં આયોજન કરવામાં આવેલી છે અને આ તારીખમાં પરીક્ષા આપી રહેલા તમામ ઉમેદવારોએ તારીખ ૮ મે ૨૦૨૪ સુધી પોતાના નવા કોલ લેટર ડાઉનલોડ કરવાના રહેશે. તમને જણાવી દઈએ કે તારીખ ૨૦,૨૧,૨૭ અને ૨૮ એપ્રિલ તથા ૪,૫ મેના રોજ જે પરીક્ષા લેવામાં આવતી હતી તે મોકૂફ રાખવામાં આવી હતી.

જા. ક્ર. ૨૧૨/૨૦૨૩-૨૪ ની મોકૂફ રાખવામાં આવેલી CCE ની પરીક્ષાનુ તા. ૧૧/૫, ૧૩/૫, ૧૪/૫, ૧૬/૫, ૧૭/૦૫ અને ૨૦/૫ ના રોજ ૪ શીફ્ટમાં આયોજન કરવામાં આવેલ છે. તમામ નવા કોલલેટર તા. ૮/૫/૨૦૨૪ ના રોજ થી ડાઉનલોડ કરવાના રહેશે. આ અંગે GSSSB website પર જણાવવામા આવશે. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મોકૂફ રખાયેલ પરીક્ષાની નવી તારીખો મુજબ આગામી ૧૧, ૧૩, ૧૪, ૧૬, ૧૭ અને ૨૦ મેના રોજ પરીક્ષા લેવાનું નિર્ણય કરાયો છે. ૪ શિફ્ટમાં પરીક્ષા યોજવાનું આયોજન કરાયું છે. લોકસભા ચૂંટણીને કારણે પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હતી. ઉમેદવારો ૮ મેથી નવા કોલલેટર ડાઉનલોડ કરી શકશે.

આપણે જાણીએ છીએ તેમ ગુજરાત ગૌશાળા પસંદગી મંડળ દ્વારા અત્યારે વર્ગ-૩ ની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં કુલ ૫૫૫૪ જગ્યા ઉપર ભરતીનું આયોજન કરેલું હતું. પરંતુ આ પરીક્ષાના કાર્યક્રમમાં લોકસભા ચૂંટણીના કારણે કેટલાક ફેરફાર કરવામાં આવ્યા હતા.

## ખંભાળિયામાં શનિવારે વલ્લભાચાર્યજીના પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી

(પ્રતિનિધી દ્વારા) જામ ખંભાળિયા, તા.૧

વૈષ્ણવોના પરમ પૂજ્ય શ્રી વલ્લભાચાર્ય પ્રભુચરણના ૫૪૭ માં પ્રાગટ્ય મહોત્સવની આગામી શનિવાર તારીખ ૪ ના રોજ ખંભાળિયામાં ભક્તિભાવપૂર્વક ઉજવણી થનાર છે. આ પ્રસંગે શનિવારે અત્રે બરછા સ્ટ્રીટ ખાતે આવેલી સેવાકુંજ હવેલી ખાતે બપોરે ૩ થી ૫ દરમિયાન સર્વોત્તમ સ્તોત્રના પાઠ બાદ સાંજે ૫ થી ૭ સુધી સેવાકુંજ હવેલી ખાતેથી વરણાંગીનું આયોજન કરવામાં આવ્યું છે. જે શહેરના વિવિધ રાજમાર્ગો પર ફરી અને શ્રી મહાપ્રભુજીની બેઠકજી ખાતે સંપન્ન થશે. જેમાં સેવાકુંજ હવેલીમાં ચાલતી પાઠશાલાના બાળકો તથા બહેનો દ્વારા મહાપ્રભુજીની બેઠકજીમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે.આ વરણાંગીમાં વૈષ્ણવો ભાઈઓ બહેનોએ પીળા-કેશરી વસ્ત્રો સાથે સહભાગી થવા તેમજ દર્શન ઉજવણીનો લાભ લેવા આ આયોજનના મનોરથી વિનુભાઈ બરછા (ઘી વાળા) તેમજ સેવાકુંજ હવેલીના પૂજ્ય શ્રી માધવી વહુજી મહારાજ શ્રી દ્વારા સર્વે વૈષ્ણવોને અપીલ કરવામાં આવી છે.

# એપ્રિલ મહિનામાં ગરમીએ તોડચો ૧૦૦ વર્ષનો રેકોર્ડ

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧

સૂર્યનો આકરો તડકો, ફૂંકાતો ગરમ પવન અને ત્રસ્ત લોકો. હવામાનની આવી સ્થિતિ એપ્રિલ મહિનામાં જોવા મળી છે. એપ્રિલ મહિનામાં ગરમીએ તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. ૧૦૩ વર્ષ પછી એવું બન્યું છે કે જયા દેશમાં ઘણી જગ્યાએ તાપમાનનો પારો ૪૩ ડિગ્રી સુધી પહોંચી ગયો હોય. આ એવા સ્થાન છે જ્યાં ખૂબ ગરમી નથી નોંધાતી. આ એપ્રિલ મહિનાના ગરમીના પારો આટલે પહોચ્યો હોય તો મે મહિનામાં હવામાન કેવું રહેશે તેની માહિતી હવામાન વિભાગે આપી છે.

હવામાન વિભાગે, ૧૯૨૧-૨૦૨૪ વચ્ચેના એપ્રિલ મહિનામાં નોંધાયેલ મહત્તમ ગરમીનો ડેટા શેર કર્યો છે. આ આંકડાઓ દર્શાવે છે કે દેશના ઘણા ભાગોમાં આ અત્યાર સુધીનો સૌથી ગરમ મહિનો રહી શકે છે. આગામી પાંચ દિવસમાં હજુ પણ વધુ ગરમી પડવાની આગાહી કરવામાં આવી છે. IMD અનુસાર, દેશના પૂર્વ અને દક્ષિણ દ્વીપકલ્પમાં ગરમીના તીવ્ર મોજાની અસર જોવા મળે તેવી સંભાવના છે. ગરમીનું આ ઉગ્ર સ્વરૂપ આગામી પાંચ દિવસ સુધી યથાવત રહેશે. અત્રે નોંધનીય બાબત એ છે કે, આ દરમિયાન જ્યાં મતદાન થવાનું છે તે સ્થળોએ પણ વધુ ગરમી રહેવાની સંભાવના છે. ખાસ કરીને બંગાળ, બિહાર, ઝારખંડ અને ઓડિશાના કેટલાક વિસ્તારોમાં ભારે હીટવેવની સંભાવના છે. આ સિવાય કર્ણાટક, તેલંગાણા અને આંધ્રપ્રદેશના કેટલાક વિસ્તારોમાં પણ આકરી ગરમી પડી શકે છે. એપ્રિલ અને મે મહિનાના સંદર્ભમાં, હવામાન વિભાગે અગાઉ પણ કહ્યું હતું કે આ બે મહિના પાછલા વર્ષોના એપ્રિલ અને મે મહિનાકરતાં વધુ ગરમ હોઈ શકે છે. પીએમ મોદી સાથેની બેઠકમાં પણ હવામાન વિભાગના અધિકારીઓએ આ વાત જણાવી હતી. આ દરમિયાન લોકોને પોતાની ખાસ કાળજી રાખવા અપીલ કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં બે તબક્કાના મતદાનમાં ગરમીના કારણે ઘણી જગ્યાએ મતદાન ઉપર અસર થવા પામી છે. ઘણી બેઠકો પર મતદાનની ટકાવારી ઓછી નોંધાઈ છે.

### ADR રિપોર્ટમાં થયો ચોંકાવનારો ખુલાસો

# ગુજરાતમાં ભાજપના ૨૬ પૈકી ૨૪ ઉમેદવાર કરોડપતિ

## ગુજરાતમાં કોંગ્રેસના ૨૩ પૈકી ૨૧ ઉમેદવાર કરોડપતિ છે : ૬૩૯ ઉમેદવારોનો અભ્યાસ ધો.૫થી ૧૨ સુધીના

નવી દિલ્હી, તા.૧

લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં ઉમેદવારોને લઈને **ADR** રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો. એડીઆરના રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં ભાજપના ૨૬ ઉમેદવારમાંથી ૪ ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે જ્યારે કોંગ્રેસના ૨૩ ઉમેદવારમાંથી ૬ ઉમેદવારોનો ગુનાહિત ઈતિહાસ છે.રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં ભાજપના ૨૬ પૈકી ૨૪ ઉમેદવાર કરોડપતિ છે. ગુજરાતમાં કોંગ્રેસના ૨૩ પૈકી ૨૧ ઉમેદવાર કરોડપતિ છે. ગુજરાતમા સૌથી વધુ આવક અને સંપત્તિ ધરાવતા ઉમેદવાર ભાજપના ઉમેદવાર પૂનમ માડમ છે તેમની પાસે ૧૪૭ કરોડની સંપતિ છે. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ પાસે ૬૫ જ્યારે સી.આર.પાટીલ પાસે ૩૯ કરોડની સંપતિ છે. લોકસભાની ૨૦૨૪ ચૂંટણીના ત્રીજા તબક્કાનું ૭ મે રોજ મતદાન થવાનું છે. તે અગાઉ **ADR** દ્વારા ચૂંટણી લડતા ઉમેદવારોના શિક્ષણ,સંપતિ અને ગુનાહિત ઈતિહાસ અંગેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. પ્રત્યેક ચૂંટણી દરમ્યાન એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ એટલે **ADR** દ્વારા દેશમાં ત્રીજા તબક્કામાં ચૂંટણી લડી રહેલા ૧૩૫૨ ઉમેદવારોની સંપત્તિ, શિક્ષણ અને ગુનાહિત ઈતિહાસનું વિશ્લેષણ કર્યું હતું જેમાં ગુજરાતની ૨૬ બેઠકના કુલ ૨૬૬ ઉમેદવારોનો સમાવેશ થાય છે. ત્રીજા તબક્કાના ઉમેદવારોમાંથી ૬૩૯ ઉમેદવારોનો અભ્યાસ ધોરણ ૫ થી ૧૨ સુધીનો છે. ૫૯૧ ઉમેદવારો ગ્રેજ્યુએટ અથવા તેનાથી વધુ અભ્યાસ કરેલો છે. ૪૪ ઉમેદવારોએ ડિપ્લોમા સુધીનું શિક્ષણ મેળવ્યું છે. જેમાંથી ગુજરાતમાં ૧૫૨ ઉમેદવારમાંથી ૫ થી ૧૨ ધોરણનું શિક્ષણ મેળવ્યું છે. જ્યારે સાત ઉમેદવારો અશિક્ષિત છે. ત્રીજા તબક્કામાં ચૂંટણી લડનારા ઉમેદવારોના ગુનાહિત ઈતિહાસ અંગે નજર કરીએ તો કોંગ્રેસના ૬૮ ઉમેદવાર માંથી ૨૬ ઉમેદવાર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે જ્યારે ભાજપના ૮૨ ઉમેદવારમાંથી ૨૨ ઉમેદવાર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

ગુજરાતની વાત કરીએ તો ભાજપના ૨૬ પૈકી ચાર ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જ્યારે કોંગ્રેસના ૨૩ માંથી ૬ ઉમેદવાર ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. ગુજરાતમાં ઉમેદવારોના ગુનાહિત ઈતિહાસની વાત કરીએ તો ઈન્ડિયા ગઠબંધનનાં ઉમેદવાર ચૈતર વસાવા ઉપર ૧૩ કેસ, અનંત પટેલ પર ૪ કેસ, હીરાભાઈ જોટવા ઉપર ૨ કેસ હિંમતસિંહ પટેલ ઉપર ૨ કેસ, ચંદનજી ઠાકોર વિરૂધ્ધ એક કેસધ્ સુખરામ રાઠવા વિરૂધ્ધ એક કેસ અને ગેનીબેન ઠાકોર સામે એક કેસ નોંધાયેલો છે. ભાજપના નેતા અમિત શાહ વિરૂધ્ધ ત્રણ કેસ, રાજેશ ચુડાસમા ઉપર એક કેસ, જશુભાઈ રાઠવા વિરૂધ્ધ એક કેસ, અને છોટુ વસાવાનધ્ પુત્ર દિલીપ વસાવા ઉપર એક કેસ નોંધાયેલો છે. શિક્ષણ અને ગુનાહિત ઈતિહાસ બાદ સંપતિ અંગે પણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગુજરાતના કોંગ્રેસના નેતા કરતા ભાજપના નેતાની સંપત્તિ વધુ છે. કોગ્રેસના ૬૮ પૈકી ૬૦ ઉમેદવારો કરોડપતિ છે જ્યારે ભાજપના ૮૨ પૈકી ૭૭ ઉમેદવાર કરોડપતિ છે. ગુજરાત ભાજપના ૨૬ પૈકી ૨૪ ઉમેદવાર કરોડપતિ છે જ્યારે કોંગ્રેસના ૨૩ પૈકી ૨૧ ઉમેદવાર કરોડપતિ છે. ગુજરાતમાં સૌથી વધારે આવક અને મિલકત ધરાવતો ઉમેદવારોમાં ભાજપના ૩ ઉમેદવારનો સમાવેશ છે. ભાજપના પૂનમ માંડમ ૧૪૭ કરોડ,અમિત શાહ ૬૫ કરોડ,સી આર પાટીલ ૩૯ કરોડ રૂપિયાની સંપત્તિના માલિક છે. જ્યારે સૌથી ઓછી આવક અને મિલકત ધરાવતા ત્રણ ઉમેદવારમાં બીએસપીના રેખાભાઈ હરસિંગ ચૌધરી, કોંગ્રેસના નિલેશ વસાઈકર અને અન્ય એક અપક્ષ ઉમેદવારનો સમાવેશ થાય છે.

## દ.ભારતમાં પણ જળસંકટની સ્થિતિ જળાશયોમાં ફક્ત ૧૭% જ પાણી

નવી દિલ્હી, તા.૧

ઉનાળાનો પ્રારંભ થવાની સાથે દક્ષિણ ભારતમાં ગંભીર જળસંકટનો સામનો કરી રહ્યું છે. આ ક્ષેત્રમાં જળ ભંડાળની ક્ષમતા લગભગ ૧૭ ટકા છે. કેન્દ્રીય જળ પંચેજણાવ્યું હતું કે દક્ષિણમાં ૪૨ જળાશયમાં કુલ સંગ્રહ ક્ષમતા ૫૩.૩૩૪ બીસીએમ (અબજ ઘનમીટર) છે, પણ નવા અહેવાલ હેઠળ આ વખતે જળાશયોમાં ઉપલબ્ધ કુલ પાણી ૮.૮૬૫ બીસીએમ છે, જે તેની કુલ ક્ષમતાના ૧૭ ટકા છે. આ આંકડો ગયા વર્ષના સમાન સમયગાળા દરમ્યાન ઉપલબ્ધ જળભંડારના ૨૯ ટકા અને છેલ્લા દસ વર્ષના આ સમયગાળામાં ઉપલબ્ધ જળ ભંડારની સરેરાશના ૨૩ ટકા છે. આમ ભારતના દક્ષિણી વિસ્તારમાં જળાશયોના જળભંડારનું આટલું નીચું સ્તર આ રાજ્યોમાં પાણીની વધતી કમી અને સિંચાઈ, પીવાના પાણી તથા જળવિદ્યુત મથકો માટે પડકારના સંકેત છે.દક્ષિણી ક્ષેત્રમાં ઓડિશા, તેલંગણા, આંધ્ર, તમિલનાડુ આવે છે. તેનાથી વિપરીત પૂર્વી વિસ્તારોના જળભંડારમાં છેલ્લા દસ વર્ષના સમયગાળાના સંદર્ભમાં સુધારો થયો છે. આ ક્ષેત્રમાં ૨૦.૪૩૦ બીસીએમની કુલ ક્ષમતાવાળા ૨૩ જળાશયોમાં હજી પણ ૭.૮૮૯ બીસીએમ પાણી છે. આ પાણી તેમની કુલ ક્ષમતાના ૩૯ ટકા છે. આ પાણીનો ભંડાર ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનાએ ૩૪ ટકા અને છેલ્લા દસ વર્ષની સરેરાશની તુલનામાં ૩૪ ટકા છે અને તે સુધારાનો સંકેત છે. પૂર્વી વિસ્તારમાં ઓસામ, ઓડિશા અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્ય આવે છે. જ્યારે પશ્ચિમી ક્ષેત્રમાં ગુજરાત અને મહારાષ્ટ્ર સામેલ છે. અહીં જળ ભંડાળ ક્ષમતા ૧૧.૭૭૧ બીસીએમ છે, જે કુલ ૪૯ જળાશયોની કુલ ક્ષમતાના ૩૧ ટકા છે. તે ગયા વર્ષના જળભંડાળ સ્તર ૩૮ ટકા કરતા ઓછું છે અને દસ વર્ષની સરેરાશ ૩૨.૧ ટકા કરતાં ઓછું છે. આ જ રીતે ઉત્તર અને મધ્ય ક્ષેત્રમાં જ જળ ભંડાળમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

# રાજ્યમાં ફરી કાળઝાળ ગરમીની શરૂઆત

## સૌરાષ્ટ્રમાં આગામી ત્રણ દિવસ 'યલો એલર્ટ'



અમદાવાદ, તા.૧

રાજ્યમાં ફરી એકવાર કાળઝાળ ગરમી શરૂ થઈ જવા પામી છે. રાજ્યમાં ગરમીનો પારો ઉંચકાઈ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, સૌરાષ્ટ્ર સહિત દરિયાકાંઠા વિસ્તારમાં હીટવેવની આગાહી છે. પોરબંદર, ભાવનગર અને દીવમાં હીટવેવની આગાહી છે. સૌરાષ્ટ્રમાં ૩ દિવસ ગરમીનું યેલો અલર્ટ આપવામાં આવ્યું છે. દરિયાકાંઠા વિસ્તારોમાં ભેજ રેહતા ડિસ્કમ્ફર્ટ અલર્ટ અપાયું છે. અમદાવાદ અને ગાંધીનગરમાં તાપમાન ૪૧ ડિગ્રી આસપાસ રહેશે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસને લઈને આગાહી કરી છે. જેમાં આગામી ત્રણ દિવસ સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં હિટવેવની શક્યતા છે. આ ઉપરાંત દરિયાકાંઠાના વિસ્તારોમાં ભેજયુક્ત ગરમ પવનો ફૂંકાવાને કારણે ડિસ્કમ્ફર્ટની સ્થિતિ સર્જાશે. આ ઉપરાંત અમદાવાદ અને આસપાસના જિલ્લાઓમાં મહત્તમ તાપમાન આગામી ત્રણ દિવસ દરમ્યાન ૪૧ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેશે. જ્યારે આગામી ત્રણ દિવસ દરમ્યાન સૌરાષ્ટ્રમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આગામી દિવસોમાં કેટલાક જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચશે.અમદાવાદ અને આસપાસમાં જિલ્લાઓ ઉપરાંત સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં આગામી પાંચ દિવસ દરમ્યાન એકથી બે ડિગ્રી સેલ્સિયસ તાપમાન વધવાની શક્યતા છે. હવામાન નિષ્ણાંતોના જણાવ્યા મુજબ હાલમાં ગુજરાત ઉપર ઉત્તાર પશ્ચિમ દિશા તરફથી પવનો ફૂંકાઈ રહ્યા છે. ઉપરાંત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની કોઈ અસર ન હોવાથી ગરમીનો પારો ધીમે ધીમે ઊંચો જઈ રહ્યો છે. આગામી ત્રણ દિવસ દરમ્યાન સૌરાષ્ટ્રમાંથી ભાવનગર અને પોરબંદરમાં હિટવેવની શક્યતા છે.

### IBની ધમકીના રિપોર્ટ બાદ ગૃહ મંત્રાલયનો મોટો નિર્ણય

# EDની તમામ ઓફિસમાં CISF તૈનાત કરાશે




નવી દિલ્હી, તા.૧

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ તાજેતરમાં કૌભાંડ સંબંધિત મામલામાં તેની કાર્યવાહી તેજ કરી છે, જેના કારણે રાજકીય પક્ષોના સમર્થકો દ્વારા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ટીમ ઉપર પણ હુમલો કરવામાં આવ્યો છે. હવે, સતત વધી રહેલી પ્રવૃત્તિ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ધમકીને ધ્યાનમાં રાખીને, **CISF** ને નિયમિત ટીમ સાથે તૈનાત કરવામાં આવશે. ગૃહ મંત્રાલય સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની સતત વધી રહેલી ગતિવિધિ અને ટીમ માટેના ખતરાને ધ્યાનમાં રાખીને, **CISF**ને દેશભરમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ કાર્યાલયોમાં નિયમિતપણે તૈનાત કરવામાં આવશે. કહેવામાં આવી રહ્યું છે કે છેલ્લા કેટલાક દિવસોમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ઓફિસ અને તેના અધિકારીઓ પર વધી રહેલા ખતરાને જોતા અને **IB**ના ધમકીના રિપોર્ટના આધારે ગૃહ મંત્રાલયે આ નિર્ણય લીધો છે.માહિતી અનુસાર, શરૂઆતમાં **CISF** દળોને કોલકાતા, રાંચી, રાયપુર, મુંબઈ, જલંધર, જયપુર, કોચી તેમજ અન્ય સ્થળોએ સ્થિત એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ઓફિસમાં તૈનાત કરવામાં આવશે.તમને જણાવી દઈએ કે જાન્યુઆરીમાં પશ્ચિમ બંગાળના સંદેશખાલીમાં એક ટોળાએ ઈડીની ટીમ ઉપર હુમલો કર્યો હતો. આ હુમલામાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના ઘણા સભ્યો ઘાયલ થયા હતા. આ ઘટના ઉત્તાર ૨૪ પરગણા જિલ્લામાંથી નોંધાઈ હતી, જ્યાં અધિકારીઓ, અર્ધલશ્કરી દળો સાથે, કથિત રાશન વિતરણ કૌભાંડના સંબંધમાં સ્થળોએ દરોડા પાડવા ગયા હતા. ટીમ જ્યારે તૃણમૂલ કોંગ્રેસના નેતા શાહજહાં શેખના ઘર નજીક પહોંચી ત્યારે હુમલો કરવામાં આવ્યો.

# ગુજરાતની એકમાત્ર સ્પોર્ટસ યુનિવર્સિટીમાં વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશની જાહેરાત આવી ગઈ છે, ઝંપલાવો સ્પોર્ટસની દુનિયામાં

**સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ યુનિવર્સિટી દ્વારા અલગ-અલગ વિષયને લગતા અલગ-અલગ વિભાગો ચલાવવામાં આવી રહ્યા છે અને ત્યાં બેચલરથી લઇને પીએચડી સુધીના અભ્યાસક્રમો થાય છે. જેમાં કયા વિભાગમાં કયા કોર્ષ થાય છે એ આપને જણાવું. તો સ્નાતક કક્ષાના અભ્યાસક્રમની વાત કરીએ તો તેમા બીબીએ (સ્પોર્ટસ મેનેજમેન્ટ), બેચલર ઓફ ફિઝીકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટસ (બીપીઈએસ), બેચલર ઓફ સ્પોર્ટસ કોચીંગ (બીએસસી ઇન સ્પોર્ટસ કોચીંગ)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત તો ઇન્ટીગ્રેટેડ પ્રોગ્રામની વાત કરીએ તો બીપીએડ અને એમપીએડનો કોર્ષ કરી શકાય છે. જો માસ્ટર ડિગ્રીની વાત કરીએ તો માસ્ટર ઓફ ફીઝીકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટસ, પીએચડી, એમફીલ વગેરે કોર્ષ થાય છે. જ્યારે ડિપ્લોમા કોર્ષની વાત કરીએ તો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન સ્પોર્ટ કોચીંગ, સ્પોર્ટસ મેનેજમેન્ટ, એડવેન્ટર સ્પોર્ટસ એડમિનિસ્ટ્રેશન, સ્પોર્ટસ જર્નાલિઝમ એન્ડ માસ મીડિયા ટેકનોલોજી, સ્પોર્ટસ ન્યુટ્રિશન અને ફીટનેસ મેનેજમેન્ટના કોર્ષના પ્રવેશની જાહેરાત બહાર પડી ગઇ છે**

મિત્રો ગયા લેખાંકમાં આપણે રમત-ગમત કે ખેલ-કુદની દુનિયામાં કારકિર્દી બનાવવા બાબતે માર્ગદર્શન આપ્યું હતું. રમતવીર કેવી રીતે બની શકાય તે બાબતનો તમને બેઝીક આઈડીયા તો આવી જ ગયો હશે પરંતુ આના માટે જો તમારે શૈક્ષણિક જ્ઞાન મેળવવું હોય અને આગળ વધવું હોય તો કઇ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવો જોઈએ તે બાબતે જો તમને કોઇ સવાલ થાય તો આ લેખ ખાસ વાંચવો જોઈએ. આજે આપણે વાત કરવી છે રાજ્યની એક માત્ર સ્પોર્ટસ યુનિવર્સિટીની કે જેનું નામ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી છે અને તે ગાંધીનગર ખાતે આવેલી છે. આ યુનિવર્સિટી ખાતે વિવિધ પ્રકારના અભ્યાસક્રમો ચાલે છે. તેની માહિતી આપને આપું. તાજેતરમાં વિવધ કોર્ષમાં અભ્યાસ કરવા ઈચ્છુકો માટે પ્રવેશની જાહેરાત બહાર પાડી દેવામાં આવી છે. તો જો તમારે પ્રવેશ મેળવવો હોય તો તાત્કાલિક તેની વેબસાઈટ **https://sgsu.gujarat.gov.in/** જોઇ લ્યો એટલે પ્રવેશ પ્રક્રિયા વિશેની તમામ માહિતી મળી રહેશે.

રમત-ગમત, ફીટનેસ તેમજ તેની સાથે જોડાયેલી તમામ કારકિર્દીનું શિક્ષણ આપવા માટે એક દાયકા પહેલા ગુજરાતમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની સ્થાપના થયેલી છે અને અહિં એટલા બધા અલગ-અલગ પ્રકારના કોર્ષીષ ચાલે છે કે આ ક્ષેત્રમાં રસ ધરાવતા યુવાનોએ એક વાર ગાંધીનગર ખાતે આવેલી આ યુનિવર્સિટીની મુલાકાત લેવા જેવી તો ખરી જ. તાજેતરમાં જ વિવિધ અભ્યાસક્રમોની પ્રવેશની જાહેરાત આવી છે તો યુવાનો તેનો અભ્યાસ કરીને જો કોઈ અભ્યાસક્રમમાં જોડાવવું હોય તો સત્વરે પ્રવેશ ફોર્મ ભરીને આગળ વધવું.

**સ્પોર્ટસ યુનિવર્સિટી વિશે મેળવો જાણકારી**

જો આ યુનિવર્સિટી વિશે આપને જાણકારી આપું તો પહેલા તેનું બેકગ્રાઉન્ડ સમજવાનું રહેશે. અત્યાર સુધી બેચલર ઓફ ફિઝીકલ એજ્યુકેશન (બીપીએડ) અને માસ્ટર ઓફ ફિઝીકલ એજ્યુકેશન (એમપીએડ), પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કે પ્રમાણપત્ર કક્ષના અભ્યાસક્રમો જુદી-જુદી યુનિવર્સિટીઓ દ્વારા ચલાવવામાં આવતા હતા. પરંતુ રાજ્ય સરકારે રમત-ગમતને અને શારિરીક ક્ષમતાના પ્રોત્સાહન આપવા માટે માત્રને માત્ર આ ક્ષેત્રનો જ ગહન અભ્યાસ થીયરીકલ અને પ્રેક્ટીકલ બન્ને રીતે થઇ શકે તે માટે ગાંધીનગર ખાતે સ્પોર્ટસ યુનિવર્સિટીની સ્થાપના કરી છે. તેના કારણ હવે આ ક્ષેત્રનું લક્ષ્ય લઈને ચાલનારા યુવાનો માટે તે તરફ ચાલવું જ નહિ દોડવું સહેલં થઇ ગયું છે. વળી આ એક રાષ્ટ્રીય કક્ષાની યુનિવર્સિટી થવા જઇ રહી છે ત્યારે તેના કોર્ષીષ વિશે જાણવું જરૂરી છે અને તમે જોઇ-વિચારી અને યોગ્ય પૂછપરછ કર્યા બાદ પ્રવેશ મેળવી શકો છો. જો તેના વિશે વધુ વિગત જણાવું તો યુનિવર્સિટી દ્વારા અલગ-અલગ વિષયને લગતા અલગ-અલગ વિભાગો ચલાવવામાં આવી રહ્યા છે અને ત્યાં બેચલરથી લઈને પીએચડી સુધીના અભ્યાસક્રમો થાય છે. જેમાં કયા વિભાગમાં કયા કોર્ષ થાય છે એ આપને જણાવું. તો સ્નાતક કક્ષાના અભ્યાસક્રમની વાત કરીએ તો તેમા બીબીએ (સ્પોર્ટસ મેનેજમેન્ટ), બેચલર ઓફ ફિઝીકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટસ (બીપીઈએસ), બેચલર ઓફ સ્પોર્ટસ કોચીંગ (બીએસસી ઈન સ્પોર્ટસ કોચીંગ)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત તો ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામની વાત કરીએ તો બીપીએડ અને એમપીએડનો કોર્ષ કરી શકાય છે. જો માસ્ટર ડિગ્રીની વાત કરીએ તો માસ્ટર ઓફ ફીઝીકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટસ, પીએચડી, એમફીલ વગેરે કોર્ષ થાય છે. જ્યારે ડિપ્લોમા કોર્ષની વત કરીએ તો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન સ્પોર્ટ કોચીંગ, સ્પોર્ટસ મેનેજમેન્ટ, એડવેન્ટર સ્પોર્ટસ એડમિનિસ્ટ્રેશન, સ્પોર્ટસ જર્નીલિઝમ એન્ડ માસ મીડિયા ટેકનોલોજી, સ્પોર્ટસ ન્યુટ્રિશન અને ફીટનેસ મેનેજમેન્ટના કોર્ષના પ્રવેશની જાહેરાત બહાર પડી ગઈ છે અને તેના માટેની વધુ જાણકારી તમને યુનિવર્સિટીની વેબસાઈટ **https://sgsu.gujarat.gov.in** ઉપરથી મળી શકશે. આ તમામ અભ્યાસક્રમોમાં રમતવીરો અને શારીરિક ક્ષમતાના ક્ષેત્રમાં રસ ધરાવતા અથવા તો કોઈક સિદ્ધિ મેળવી હોય, રમતમાં ભાગ લીધો હોય તેવા વિદ્યાર્થીઓને પ્રાધાન્ય આપવામાં આવે છે.

**મિત્રો જાણો આ કોર્ષીષ વિશે માહિતી**

માસ્ટર ઓફ ફિઝીકલ એજ્યુકેશન (એમપીએડ)નો કોર્ષ બે વર્ષનો છે અને બીપીએડ થયેલા મિત્રો કરી શકે છે. આ ઉપરાંત ત્રણ વર્ષનો બીપીએડ એમપીએડ (ઈન્ટીગ્રેટેડ) ઈનોવેટીવ પ્રોગ્રામ પણ ચાલે છે. જો તમે સ્પોર્ટસ સિવાય કોઈ અન્ય વિષયમાં સ્નાતક થયા હોવ અને ખેલકુદમાં ભાગ લીધો હોય તો તમે બે વર્ષનો બીપીએડનો પ્રોગ્રામ કરી શકો છો. ધોરણ-૧૨ પાસ ઉમેદવારોની વાત કરીએ તો તે બીપીઈએસનો અભ્યાસક્રમ કરી શકે છે. ઉપરાંત બીએસસી સ્પોર્ટસ કોચીંગનો અભ્યાસ કરીને એથ્લેટીક્સ, સ્વિમિંગ, બેડમિન્ટન, ફૂટબોલ, બાસ્કેટબોલ, વોલીબોલ, હોકી, જુડો, હેન્ડબોલ, કબ્બડી, રેસલીંગ અને આર્ચરીના કોચ બની શકાય છે. આ જ પ્રકારનો ડિપ્લોમાં કોર્ષ પણ થાય છે.

**રમત સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓનો અભ્યાસ અને કેરિયર**

જો યુનિવર્સિટી વિશે વધુમાં જણાવું તો અહિં રમતવીરો કે કોચ તૈયાર કરવા ઉપરાંત તેની સાથે સંકળાયેલી અનેક બાબતોએ જ્ઞાન આપવામાં આવે છે. ધારો કે બીબીએ (સ્પોર્ટસ મેનેજમેન્ટ)ના ત્રણ વર્ષના કોર્ષની વાત કરીએ તો રમતની ઈવેન્ટનું આયોજન તેનું મેનેજમેન્ટ, મીડિયા, માર્કેટીંગ, ફાઈનાન્સ, કાયદો, સ્પોન્સરશીપ સહિતની બાબતોના વિષયનો સમાવેશ થાય છે અને તેનો તલસ્પર્શી અભ્યાસ કરાવવામાં આવે છે. તેના કારણે વિદ્યાર્થીઓ જો રમતવીર ના હોય તો પણ તેઓને રમતના આયોજનો વિશે ખ્યાલ હોય છે અને તેમાં ભાગ લઈ શકે છે. આ અભ્યાસક્રમ ત્રણ વર્ષનો છે જ્યારે કોઈને આ ક્ષેત્રમાં ડિપ્લોમા કરવો હોય તો તેનો પણ કોર્ષ કરી શકાય છે. આથી એમ કહી શકાય કે રમતગમત અને મેનેજમેન્ટ બન્ને ક્ષેત્રના કોર્ષ શીખવવામાં આવે છે. અહિ હોસ્ટેલની સુવિધા પણ હોવાથી બહારગામના વદ્યાર્થીઓ આવીને રહી શકે છે.


**કારકિર્દીની તકો**

જો તમે આ અભ્યાસક્રમો કરવાનું વિચારી રહ્યા છો તો તમને સરકારી તેમજ ખાનગી બન્ને કક્ષાએ નોકરી મળી શકે છે. આ વિશે મેં અગાઉના લેખમાં જણાવ્યું હતું કે તમે બીપીએડ કે એમપીએડનો કોર્ષ કર્યો હોય તો સરકારી શાળાઓ અને કોલેજોમાં શારીરિક શિક્ષણના શિક્ષકોની ભરતીની જાહેરાતો આવતી હોય છે તેમાં અરજી કરીને નોકરી મેળવી શકો છો. આ ઉપરાંત તમે જો પીએચડી કરેલું હોય તો કોલેજોમાં લેક્ચરર તરીકે પણ કારક્રિદી શરૂ કરી શકો છો. આ ઉપરાંત આજકાલ વિશાળ કેમ્પસમાં પથરાયેલી ખાનગી શાળાઓ અને યુનિવર્સિટીઓ દ્વારા પણ પોતાના વિદ્યાર્થીઓ રમત-ગમતની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે તે માટે તેઓ પણ કોચ, ફીઝીકલ ટ્રેઈનર કે આનુશંગીક જોબ મેળવીને કારકિર્દી બનાવી શકે છે. આ ઉપરાંત ફીટનેસ એક્સપર્ટ, કોચ, સ્પોર્ટસ ઈવેન્ટનું આયોજન કરતી કંપનીઓ, જીમ્નેશિયમ, કલબો, કોઈ જાણિતી કંપનીમાં સ્પોર્ટસ મેનેજર, સ્પોર્ટસ એનાલિસ્ટ, સ્પોર્ટસ સ્ટેસ્ટીશીયન, સ્પોર્ટસ સંશોધક, સ્પોર્ટસ રિપોર્ટર એટલે કે કોઈ ટેલિવિઝન કે અખબારોમાં રમત-ગમતની માહિતી આપતા પત્રકાર કે કોમેન્ટટેર તરીકેની જોબ લઈ શકો છો. આ ઉપરાંત આજકાલ લોકો પ્રવાસ સ્થળોની સાહસિક પ્રવાસ અને એડવેન્ચર સ્પોર્ટસની ટુર્સ પણ કરતા હોય છે તો તમે તેના આયોજક કે મેનેજર બની શકો છો. આપને ખાસ જણાવવાનું કે અહિં સ્પોર્ટસ, ફીટનેસ અને એડવેન્ચર જેવા વિષયોના અભ્યાસક્રમો પ્રાપ્ત છે. આથી જો તમને કોઈ ચોક્કસ દિશામાં જવું હોય તો અહિં તમામ વિકલ્પો પ્રાપ્ત છે અને તેના આધારે તમે આગળ વધી શકો છો. બીજી બાજુ આ કારકિર્દીના ફાયદા પણ બહુ જ સારા છે. એક તો તમે સ્પોર્ટસ સાથે સંકળાયેલા હોય એટલે શારીરિક કસરતો અને ફિટનેસને પ્રાથમિકતા આપવાની રહે છે અને તેના કારણે તમે કસરતો કરો, મેદાનમાં અવનવી પ્રવૃત્તિ કરો તેના કારણે તમારી શારીરિક ક્ષમતા સારી રહે છે, જો તમે જાણિતા થઈ જાવ અને એક વખત નામ થાય તો પૈસા પણ અઢળક મળે છે જ્યારે સારા રમતવીર, કોચ કે ફીટનેસ એક્સપર્ટ તરીકે તમારી પ્રતિષ્ઠા પણ બને છે. આમ ત્રિવિધ ફાયદાઓ ધરાવતી આ કારકિર્દી હોવાથી એક વાર યુનિવર્સિટીની રૂબરૂ મુલાકાત લઈને કે પછી વેબસાઈટ ઉપર આપેલા નંબરો ઉપર પૂછપરછ કરીને આગળ વધી શકાય તેમ છે.

## પાકિસ્તાન જેલમાંથી આવ્યો પત્ર...

# ભારતીય માછીમારે લખેલા પત્રમાં વર્ણવી દર્દ ભરી વ્યથા

### પાકિસ્તાનની લાડી જેલમાં સબડી રહેલા ૧૫૦ જેટલા માછીમારોને સરકાર તુરંત છોડાવે તેવી પરિવારજનોની માંગ





(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧

પાકિસ્તાનની લાડી જેલમાં કેદ ગીર સોમનાથનાં માછીમારે માદરે વતન પત્ર લખી જેલની આપવીતી કહી છે. ભારતીય માછીમારોની સ્થિતિ વર્ણવતો પત્ર વાચી માછીમાર મહિલાઓ ચોધાર આંસુએ રડી પડી હતી. પાક જેલમાં બંધ ભારતીય માછીમારોની દયનિય પરિસ્થિતી છે.

પાકિસ્તાનની લાડી જેલમાં ભારતનાં આશરે ૧૭૫ થી વધારે માછીમારો કેદ છે. જેમાં મોટાભાગના માછીમારો ગીર સોમનાથ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારોનાં છે. આ માછીમારો પૈકી અનેક માછીમારો ચાર વર્ષ તો કોઈ એક વર્ષથી કેદ છે. આ માછીમાંરોમાં કોડીનારનાં કોટડા ગામનાં ૧૩ માછીમારો કરાચીની લાડી જેલમાં છે. જે પૈકીનાં મુકેશ નામના માછીમારે પત્ર લખી પોતાના પરિવારને વોટ્સએપનાં માધ્યમથી મોકલ્યો છે. પત્રમાં કરાચીની લાડી જેલમાં ભારતીય માછીમારોની જે દુર્દશા છે તે વાંચી પરિવારજનો ચોધાર આંસુએ રડી પડ્યા અને ચિંતિત બન્યા છે.

પાક જેલમાં બંધ ભારતીય માછીમારે લખેલા પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે પ્રમાણે જોઈએ તો વર્ષ ૨૦૨૧ થી ૫૩ માછીમારો, વર્ષ ૨૦૨૨ થી ૫૬ માછીમારો અને વર્ષ ૨૦૨૩ થી ૩૬ માછીમારો પાક જેલમાં સબડી રહ્યા છે. આમ છેલ્લા ત્રણ વર્ષમાં પાકે પકડેલા માછીમારો કરાંચીની લાડી જેલમાં સબડી રહ્યા છે. જેને તાત્કાલિક મુક્ત કરાવવામાં આવે તેવી માંગ પત્રમાં કરવામાં આવી છે. "પાક જેલમાં બંધ માછીમારોને ત્રણ વર્ષ પૂર્ણ થયા બાદ પણ મુક્ત નથી કરવામાં આવ્યા. અમે જેલમાં ભૂખ હડતાળ પર બેઠા છીએ. અમને કોઈને મળવા નથી દેવાતા, કોઈ ઉચ્ચ અધિકારી જેલની મુલાકાતે આવે તો અમને છુપાવી દેવામાં આવે છે. અનેક લોકોને દિલની બીમારી છે. કોઈને માનસિક બીમારી છે તો બે માછીમારોએ સુસાઈડ કરવાનો પ્રયત્ન પણ કર્યો હતો." આવી અનેક વાતો પાક જેલમાં બંધ માછીમારે પોતાના પત્રમાં વર્ણવી છે. પાકિસ્તાન કોર્ટે ૧૪૮ માછીમારોને સજા માફ કરી મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. પરંતુ આજે એ વાતને ૧૪ મહિના વીતી ગયા હોવા છતાં માછીમારોને મુક્ત કરવામાં આવતા નથી અને છુપાવીને રાખવામાં આવે છે.

જોકે આ સમગ્ર મામલે માછીમાર સમાજ સાથે જોડાયેલા એનજીઓ ચલાવતા બાલુભાઈ સોચાનું કહેવું છે કે, સવાલ એ છે કે ૩૫ માછીમારો એક વર્ષ પહેલાં પકડાયા તેમને મુક્ત કરવાની વાત સામે આવી છે. પરંતુ ત્રણ વર્ષ પહેલા પકડાયેલા માછીમાંરોને કેમ મુક્ત ન કરાયા એ મોટો સવાલ છે? શું માછીમારોની ખરાઈ નહીં થઈ હોય..? ફાઈલો મિસપ્લેસ થઈ હશે? ત્યારે હાલ પાકિસ્તાનથી મળેલા લેટરને લઈને માછીમાર પરિવાર ચિંતિત છે અને પ્રધાનમંત્રી મોદીને અપીલ કરી રહ્યા છે કે, પાક જેલમાં સબડતા માછીમારોને તાત્કાલિક મુક્ત કરાવવામાં આવે તેવી અપીલ કરી રહ્યા છે.

# જૂનાગઢમાં ન્યુ લાઈફ કેર હોસ્પિટલની બીજી વર્ષગાંઠની ઉજવણી થશે

### તા.૧૨ મે રવિવારના રોજ લોક સાહિત્યકાર રાજભા ગઢવીના લોકડાયરાનો કાર્યક્રમ

જૂનાગઢ તા. ૧

જૂનાગઢના જાણીતા ડો.કે.પી. ગઢવીના માર્ગદર્શન હેઠળ ચાલતી અને દુર-દુર સુધી ખ્યાતિ જેની પ્રસરી ગઈ છે તેવી ન્યુ લાઈફકેર હોસ્પિટલની બીજી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવશે. ન્યુ લાઈફકેર હોસ્પિટલની બીજી વર્ષગાંઠ નિમિત્તે આગામી તા.૧૨-૫-૨૪ ને રવિવારના ક્રિષ્ના પાર્ટીપ્લોટ ગ્રીનસીટીની બાજુમાં, બાયપાસ રોડ જૂનાગઢ ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. હોસ્પિટલના વડા ડો.કે.પી. ગઢવી દ્વારા એક અભિગમ રહયો છે કે ડોકટર અને દર્દીનો સંબંધ નહિ પરંતુ આત્પજન અને હમદર્દીનો સંબંધ રહેલ છે. કેવળ દવાઓ અને રીપોર્ટ નહિ પરંતુ સુવિધા અને સપોર્ટનો સુંદર સમન્વય એટલે જ ન્યુ લાઈફકેર હોસ્પિટલ ગણાય છે. અને બીજી વર્ષગાંઠની ઉજવણી અંતર્ગત ભવ્ય લોકડાયરાનું પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં સુપ્રસિધ્ધ કલાકાર રાજભા ગઢવી સૌને રસતરબોળ કરશે. આ કાર્યક્રમમાં એકત્રીત થનાર તમામ ધનરાશી સેવાકીય સંસ્થાને આપવાનો નમ્ર ભાવે પ્રયાસ પણ કરવામાં આવેલ છે. ન્યુ લાઈફકેર હોસ્પિટલની બીજી વર્ષગાંઠની ઉજવણી પર્વ પ્રસંગે આમંત્રીત મહેમાનોને ખાસ ઉપસ્થિત રહેવા ડો.કે.પી. ગઢવી, શ્રીમતિ પૂનમબોન ગઢવી, એડવોકેટ પી.ડી. ગઢવી તેમજ ન્યુ લાઈફકેર હોસ્પિટલ ટીમ દ્વારા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# માંગરોળ મત્સ્યોદ્યોગ અધિક્ષકની કચેરી ખાતે મતદાન જાગૃતી કાર્યક્રમ યોજાયો





જૂનાગઢ, તા.૧

જિલ્લા ચૂંટણી અધિકારી અનિલ રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં વિવિધ જગ્યાએ મતદાન જાગૃતી કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. ત્યારે માંગરોળ બંદરમાં મત્સ્યદ્યોગ અધિક્ષકની કચેરી ખાતે મતદાન જાગૃતી કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં માછીમાર ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમને મતદાનનું અને લોકશહીનું મહત્વ સમજાવ્યુ હતુ. બાદમાં મતદાન જાગૃતીના સુત્રચ્ચાર "મતદાર હોવાનું ગૌરવ, મત માટે તૈયાર", "યુવા છીએ જવાબદાર છીએ" દ્વારા લોકોના આકર્ષિત કર્યા હતા.

કાર્યક્રમના અંતે મતદાન કરવા માટે પ્રતિજ્ઞાબદ્ધ થયા હતા અને અન્ય લોકોને પણ મહત્તમ મતદાન માટે અપીલ કરી હતી. આ તકે મત્સ્યોદ્યોગ કચેરીના અધિકક્ષ તેમજ માછીમાર આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનાર ખાતે ક્ષત્રિય કારડીયા રાજપુત સમાજનો ૩૩ મો સમૂહ લગ્નોત્સવ ભવ્ય રીતે સંપન્ન

### ૧૭૪ નવ યુગલોએ પ્રભુતમાં પગલા પડ્યાં, ૩૦ હજાર લોકોજએ એક પાંગતે બેસી ભોજન લીધું






(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા. ૧

કોડીનાર ખાતે ક્ષત્રિય કારડીયા રાજપુત સમાજનો ૩૩ મો સમૂહલગ્ન સમારોહ ભવ્ય રીતે સંપન્ન થયો હતો. આ લગ્નોત્સવમાં ૧૭૪ નવ દંપતિઓએ સાંસારિક જીવનનો પ્રારંભ કર્યો હતો.

સમસ્ત ક્ષત્રિય કારડીયા સમાજ અને સમૂહ લગ્ન આયોજન સમિતિના સયુંકત ઉપક્રમે ૩૩ મો સમૂહ લગ્નોત્સવ કોડીનાર ખાંડ ઉદ્યોગના ગ્રાઉન્ડ ઉપર યોજાયો હતો. આ સમૂહ લગ્નોત્સવમાં કોડીનાર તેમજ આસપાસનાં તાલુકાની કારડીયા રાજપૂત સમાજની ૧૭૪ દીકરીઓના એકી સાથે તેર માંડવા રોપાયા હતો. આ સમૂહ લગ્નોત્સવમાં ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજના આશરે ૪૫,૦૦૦ જેટલા લોકોએ હાજર રહી સમાજની એકતાના દર્શન થયા હતા. સાથો સાથ લગ્ન ઉત્સવમાં ૩૦,૦૦૦ લોકોએ એક પંગાતે બેસી સમૂહ ભોજન કર્યું હતું. સંજયભાઈ શાસ્ત્રી અને તેમની ટીમ દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી લગ્નવિધિ કરવામાં આવી હતી. આ સમૂહ લગ્નોત્સવ પ્રસંગે તમામ જ્ઞાતિ શ્રેષ્ઠીઓ, આમંત્રિત મહેમાનો, આયોજન સમિતિના તમામ વડીલો અને ગામના તમામ યુવાનોએ આ કાર્યને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# દેલવાડા ગામે આવેલ ભીડભંજન મંદિરનાં સંકુલમાં આજથી શ્રીમદ ભાગવત સપ્તાહનો પ્રારંભ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧

ઉના તાલુકાના દેલવાડા ગામે પવિત્ર મચ્છુન્દ્રી નદીના કાઠે આવેલ શ્રી ભીડ ભંજન મંદિરના સંકુલમાં ભીડ ભંજન યુવક મંડળ તથા સમસ્ત દેલવાડા ગામ દ્વારા વિશ્વ કલ્યાણ અને સમસ્ત ગ્રામજનો ના આત્મ કલ્યાણ અર્થે આજ તા.૧/૫ને બુધવારથી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ કરવામાં આવશે. કથાના વ્યાસ પીઠ ઉપર યુવા ભાગવત કથા કાર શાસ્ત્રી ગોપાલ દાદા આર. પંડ્યા બિરાજી કથાનું રસપાન કરાવશે તેમજ કથાના દિવસો દરમ્યાન તમામ ઉત્સવો ઉજવવામાં આવશે. કથાનો વિરામ તા.૭/૫ને મંગળવારે કરવામાં આવશે. તા,૮/૫ને બુધ વારે દ્વિતીય પાટોઉત્સવ ઉજવાશે તમામ ભકતોને કથા શ્રવણ કરવા જાહેર નિમંત્રણ આપેલ છે.

# શિવરાજપુર બીચ ખાતે માનવ સાંકળ બનાવીને અચૂક મતદાન કરવા લોકોને અપાયો સંદેશ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧

આગામી લોકસભા ચૂંટણીમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મહત્તમ મતદારો મતદાન તરફ પ્રોત્સાહિત થાય અને પોતાના પવિત્ર મતદાનની ફરજ અદા કરી લોકશાહીના મહાપર્વમા સહભાગી બને તે માટે નોડલ ઓફિસર સ્વીપ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મધુબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ અનેકવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રવાસન સ્થળ શિવરાજપુર બીચ ખાતે દ્વારકા તાલુકાના શિક્ષકો દ્વારા માનવ સાંકળ બનાવીને લોકશાહીના આ અવસરમાં અચૂક મતદાન કરવાનો પ્રેરક સંદેશ આપ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં પર્યટકો પણ જોડાયા હતા.

# ઉનામાં ૪૫ વરસથી અશકત, દિવ્યાંગ દિકરીએ બેલેટ પેપરથી મતદાન કર્યું



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧

ઉનામાં વધુમા વધુ લોકો મતદાન કરી શકે તે માટે ચૂંટણી પંચ દ્વારા સુપર સિનિયર સિટીઝન, શારીરિક અસ્કત અને દિવ્યાંગ લોકો પણ મતદાનના અધિકાર થી વંચિત ન રહે તે માટે ઊનાના ચૂંટણી અધિકારીઓની ટીમ ઊનામાં રહેતા નિવૃત્ત તલાટી મંત્રીના ઘરે જઈ છેલ્લા ૪૫ વરસથી અશક્ત તેમની દિવ્યાંગ દીકરી હર્ષાબેન રામજી ભાઈ મેવાડાનું મતદાન કરાવવા પહોંચેલ અને તેમના પિતાની મદદથી હર્ષા બેન બેલેટ પેપરથી મતદાન કરી પોતાનો મતનો અધિકારનો ઉપિયોગ કરી સૌ ભારતના નાગરિકોને મતદાન કરવા સંદેશો આપ્યો હતો અને ચૂંટણી પંચના આ કામગીરીથી પ્રભાવિત થયા હતા.

## સરકારે જાહેર કરી એડવાઈઝરી

# ગરમીમાં ચા, કોફી, કોલ્ડ ડ્રિંક્સ અને આલ્કોહોલ પીવું છે હાનિકારક!

નવી દિલ્હી, તા.૧

દેશના ઘણા રાજ્યોમાં આકરી ગરમી પડી રહી છે. ગરમીથી બચવા લોકો વિવિધ ઉપાયો કરી રહ્યા છે. આ દરમિયાન કેન્દ્ર સરકારે લોકોને ખાણી-પીણીને લઈને એડવાઈઝરી જાહેર કરી છે. સરકારે લોકોને ઉનાળાની ઋતુમાં હીટવેવ (લૂ) દરમિયાન ચા અને કોફી પીવાનું ટાળવા જણાવ્યું હતું.

આલ્કોહોલ પીવાથી પણ દૂર રહેવા માટે સરકારે લોકોને અપીલ કરી છે. આ સિવાય કાર્બોરેટેડ સોફ્ટ ડ્રિંક્સ (કોલ્ડ ડ્રિંક્સ) પીવાનું પણ ટાળવા જણાવ્યું છે. ત્યારે આ દરમિયાન ગરમીને લઈને શું કરવું તેને લઈને સરકાર દ્વારા ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. સરકારની એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે ઉનાળામાં ચા, કોફી, કોલ્ડ ડ્રિંક્સ અને આલ્કોહોલ આ પીણાં પીવાથી શરીરમાં ડીહાઈડ્રેશન (પાણીની ઉણપ) થઈ શકે છે. ત્યારે ગરમીના આ સમયગાળામાં હાઈ પ્રોટીન ફૂડ ન ખાવાની સલાહ આપવામાં આવી છે. તેમજ સ્ટ્રીટ ફૂડ ખાવાનું ટાળો. ઘરમાં ભોજન બનાવતી વખતે દરવાજા અને બારીઓ ખુલ્લા રાખો.

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA) અનુસાર, હીટસ્ટ્રોકની અસરોથી બચવા માટે બપોરે ૧૨ થી ૩ વાગ્યાની વચ્ચે સૂર્યપ્રકાશમાં આવવાનું ટાળો. ગરમી દરમિયાન સફેદ રંગના સુતરાઉ કપડા પહેલો જે ગરમીમાં રાહત આપશે

**આટલુ કરવાથી ગરમીમાં મળશે રાહત**

- પૂરતું પાણી પીઓ. જો તમને તરસ ન લાગે તો પણ શક્ય તેટલી વાર પાણી પીવો.
- સફેદ કે હળવા રંગના, ઢીલા અને સુતરાઉ કપડાં પહેરો.
- તડકામાં બહાર જતી વખતે ગોગલ્સ, છત્રી/ટોપી, શૂઝ અથવા ચપ્પલનો ઉપયોગ કરો.
- જ્યારે બહારનું તાપમાન વધારે હોય ત્યારે બહાર જવાનું ટાળો. મુસાફરી દરમિયાન પાણી સાથે રાખો.
- આલ્કોહોલ, ચા, કોફી અને ઠંડા પીણા પીવાનું ટાળો.
- હાઈ પ્રોટિન ખોરાક લો અને વાસી ખોરાક ન ખાઓ.
- જો તમે બહાર કામ કરો છો, તો ટોપી અથવા છત્રીનો ઉપયોગ કરો અને તમારા માથા અને ચહેરાને હળવા સુતરાઉ કપડાથી ઢાંકો.
- જો તમે થાક, અસ્વસ્થ અથવા બીમાર અનુભવો છો, તો તરત જ ડૉક્ટરની સલાહ લો.
- ઓઆરએસ, ઘરે બનાવેલા પીણાં જેવા કે લસ્સી, લીંબુનું શરબત, છાશ વગેરેનો ઉપયોગ કરો જે શરીરને ફરીથી હાઈડ્રેટ કરવામાં મદદ કરે છે.
- તમારા ઘરને ઠંડુ રાખો, પડદા, શટર અથવા સનશેડ્સનો ઉપયોગ કરો અને રાત્રે બારીઓ ખુલ્લી રાખો.
- પંખાનો ઉપયોગ કરો, ઠંડા પાણીથી સ્નાન કરો.

# વેરાવળ બાર એસો.દ્વારા મતદાન જાગૃતી સંદર્ભે બાઈક રેલી યોજાશે

(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧

ગીરસોમનાથ જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાનની ટકાવારી વધે તે માટે અથાક પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. જેના ભાગરૂપે વેરાવળ બાર એસો. દ્વારા તા.૧ ના બુધવારે સાંજે બાઈક રેલીનું આયોજન કરવામાં આવેલ છે જેમાં દરેક વકીલ મીત્રોને મીત્રમંડળ સહીત સહભાગી થવા અનુરોધ કરેલ છે.

આગામી લોકસભાની ચૂંટણીમાં મતદાન કરવા માટે જીલ્લા ચુંટણીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે અનેક કામગીરી કરવામાં આવી રહેલ છે ત્યારે કાયદાના રખેવાળો એવા વકીલમીત્રો દ્વારા આ લોકશાહીના મહામુલા પર્વને મતદાન દ્વારા ઉજવણી કરવા અને છેવાડાના દરેક મતદારો પણ મતદાન કરે તે માટે જાગૃતિ લાવવા અને યુવા મતદારોને મતદાન માટે પ્રેરીત કરવા તા.૧ ના બુધવારે સાંજે પાંચ કલાકે જીલ્લા કલેકટર દિગ્વીજયસિંહ જાડેજા સહીતના અધિકારીઓની ઉપસ્થિતીમાં એક બાઈક રેલીનું આયોજન કરવામાં આવેલ છે. આ રેલી કોર્ટ બીલ્ડીંગ ખાતેથી પ્રારંભ થઈ શહેરના રાજમાર્ગો ઉપર પ્રસાર થઈ પાટણ દરવાજા પાસે આવેલ પોલીસ સ્ટેશને પૂર્ણ થનાર છે. આ રેલીમાં દરેક વકીલ મીત્રો મીત્ર મંડળ સાથે સહભાગી થવા વેરાવળ બાર એસોસિયેશનના પ્રમુખ સુર્યકાંતભાઈ સવાણીભાઈ તથા મંત્રી આબીદભાઈ સુમરાની એક સંયુકત યાદીમાં જણાવેલ છે.

# ખંભાળિયાના મહંત પરિવાર દ્વારા શનિવારે બેટના દ્વારકાધીશ મંદિરે નૂતન ધ્વજારોહણ કાર્યક્રમ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧

ખંભાળિયાના સુવિખ્યાત શ્રી વિદ્યાશંકર મહાદેવના મંદિરના મહંત શ્રી ઉપેન્દ્રગીરી અમૃતગીરી ગોસાઈ પરિવાર દ્વારા આગામી શનિવાર તારીખ ૪ ના રોજ બેટ દ્વારકાના શ્રી દ્વારકાધીશ મંદિરના શિખર પર નૂતન ધ્વજારોહણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે શનિવારે સવારે ૧૦:૩૦ વાગ્યે બેટ દ્વારકાની ઔદિચ્ય બ્રહ્મપુરી ખાતે ધ્વજાજી પૂજન, ૧૧:૩૦ વાગ્યે શોભાયાત્રા તેમજ ૧૨:૩૦ વાગ્યે નૂતન ધ્વજારોહણ બાદ પ્રભુ પ્રસાદીના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

# જૂનાગઢના કેટલાક મતલબી માણસોને લઈને લોકોને તો ઠીક મુંગા પશુઓને પણ પડી રહી છે મુશ્કેલી



જૂનાગઢ તા. ૧

જૂનાગઢ શહેરમાં જયાં-જયાં દ્રષ્ટી કરો ત્યાં એક બાબત સામાન્ય જોવા મળે છે. જાહેર રસ્તા ઉપર હોય કે ગલીઓ, ગુંચીઓમાં કે સોસાયટી વિસ્તારમાં મુંગા પશુઓ, ગાય માતા ઉકરડા ફંફોડતી જોવા મળે છે. આ ઉકરડામાં રહેલા કચરા આરોગી અને જીવન પસાર કરે છે. ત્યારે તેની આવી હાલત માટે કોણ જવાબદાર છે ? તેવો સવાલ ઉઠવા પામે છે. ગાય માતાને પૂજનીયનો દરજજો આપેલ છે અને નંદીને કાનમાં કરેલી પ્રાર્થના ભગવાન ભોલેનાથ સુધી પહોંચે છે. પરંતુ આજે દ્રશ્ય અલગ જોવા મળી રહયું છે. નંદી થકી પોતાનું કામ પુર્ણ થયું અને પોતાની મુશ્કેલી દુર થઈ હોવા છતાં આજે નંદી ઠેર-ઠેર રખડતા જોવા મળે છે જેને લઈને જોનાર એવું ચોકકસ કહી શકે કે કેટલાક મતલબી માણસોને લઈને નંદીની આ દશા દેખાય છે.

ગુજરાત રાજયનો આજે ૧લી મે ના રોજ સ્થાપના દિવસ છે અને સ્થાપના દિનની ઉજવણી દર વર્ષે કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે ચુંટણી આચારસંહીતાને કારણે કોઈ ખાસ કાર્યક્રમો જાહેર થયા નથી. આઝાદીના આટલા વર્ષોમાં ભારત અને ખાસ કરીને ગુજરાતની અને તેમાંય જૂનાગઢની ઐતિહાસિક, સામાજીક અને ધાર્મિકતાથી ભરેલી પવિત્ર ભૂમિ આજે દિશાવિહીન બની ગઈ હોય તેમ લાગે છે. અહીં પ્રાથમીક સુવિધાના પ્રશ્નો જાણે અભેરાઈ ઉપર ચડાવી દીધા હોય તેમ લાગે છે. લોકોને કોર્પોરેશનના દરવાજે રોજ કંઈક ને કંઈક ફરીયાદો લઈને પહોંચવું પડે તેવી સ્થિતીનું નિર્માણ થયું છે. સત્તાધારી પાર્ટી જાણે પ્રજાની દાદ-ફરીયાદને ઘોળીને પી ગઈ હોય તેવું લાગે છે. લોકોની સમસ્યાનો ઉધ્ધાર થતો નથી અને કોઈ ઉકેલ આવતો નથી તો બિચારા મુંગા પશુઓની વેદનાની તો કયાં વાત કરવી, આજે જૂનાગઢ શહેરના માર્ગો સોસાયટી, ગલીઓમાં કે જાહેર સ્થળો ઉપર મુંગા પશુઓ અર્થાત ગાય માતા પ્લાસ્ટીકના કચરા કે એઠવાડ અને કાગળના ડુચા ખાતી હોય તેવા દ્રશ્યો સામાન્ય બની ગયા છે. જૂનાગઢના મોટાભાગના વિસ્તારોમાં આવાજ દ્રશ્યો જોવા મળે છે. અને છાશવારે કોર્પોરેશન તંત્ર દ્વારા જયારે કોઈ કામગીરી કરવામાં આવે છે ત્યારે ફકત ન ફકત નાના માણસો કે જેઓ લીલો ચારો વેચી અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હોય છે તેની સામે શિક્ષાત્મક કેસો કરવામાં આવે છે અને તેની રોજીરોટી છીનવાનો પ્રયાસ કરવામાં આવે છે. ખરેખર તો જો કોર્પોરેશને સારી કામગીરી કરવી હોય અને રસ્તા ઉપર ઢોરના જમેલા ઉભા ન રહે તેમજ કોઈ લીલો ઘાસચારો કે અન્ય ચીજવસ્તુઓ રસ્તામાં ન નાખે તે માટે મુંગા પશુઓ માટે જે પડતર અને ખુલ્લી જગ્યા હોય ત્યાં લીલો ઘાસચારો નાખવાની નિયત જગ્યા નકકી કરવી જોઈએ અને આવા નાના માણસોને પણ રોજગારી મળી શકે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ તેવી માંગણી ઉઠવા પામી છે. હવે વાત કરવી છે જૂનાગઢ શહેરની સંસ્કારી અને પવિત્રતાની ભૂમિમાં મુંગા પશુ એટલે કે ગાય માતાની આજે હાલત છે તે દયનીય છે. આજે શહેરના વિવિધ વિસ્તારોમાં અને જાહેર રસ્તાઓ ઉપર પણ ઉકરડા કે કચરાના ઢગલા ફંફોડતા અને એઠા, જુઠા અને પ્લાસ્ટીકના કાગળીયા આરોગી અને ગંભીર બિમારીનો ભોગ બનતા પશુઓ નજરે પડે છે. ત્યારે હૃદય દ્રવી જતું હોય છે. ભારતીય સંસ્કૃતિ એટલે કે હિન્દુ સમાજમાં એક પ્રણાલિકા છે કે, લોકો પોતાને સંકટ પડે છે ત્યારે ભગવાનના દ્વારે જતા હોય છે અને ત્યાં ખાસ કરીને મહાદેવનું મંદિર હોય અને ત્યાં બહાર પોઠીયા (નંદી)ને પધરાવેલ હોય છે અને આ પ્રતિમાને શ્રધ્ધાળુ વંદન કરી અને પોતાની જે કાંઈ મુશ્કેલી હોય અને તેના કાનમાં ફુંક મારીને પોતાની મુશ્કેલી વર્ણવે છે અને પોઠીયા દેવને કરેલી પ્રાર્થના મહાદેવ સ્વયંમ્ સાંભળે છે અને જે તે શ્રધ્ધાળુ કે જે મુશ્કેલીમાં મુકાયા હોય તેની મુશ્કેલી તો દુર કરે છે પરંતુ તેની મનોકામના પણ પુર્ણ કરે છે. આવી શ્રધ્ધાવાન ભક્તિની આ વાત છે. ત્યારે આજે જે નંદીની આપણે પૂજા કરીએ છીએ તે નંદી આજે રસ્તે રઝળવા માટે મજબુર બનેલ છે અને ખોરાકની શોધમાં જયાં -ત્યાં ભટકે છે ત્યારે ધાર્મિક અને શ્રધ્ધાવાન ઈન્સાન આ નંદીને ખોરાક આપી અને તેના કાનમાં કહે છે કે, એ નંદી દેવતા તમે તમારા ભગવાનને એટલો સંદેશો જરૂર પહોંચાડજો કે હે ઈશ્વર, જૂનાગઢના એવા કેટલાક માનવીઓ રહયા છે કે જેનો કોઈ દિ વિશ્વાસ કે ભરોસો કરવો નહીં અને તેના જેવા મતલબી માણસો આ દુનિયામાં કયાંય પણ જોવા નહિ મળે તેવો કટાક્ષ પણ કરવામાં આવી રહયો છે.

# જૂનાગઢ સહિત ગુજરાતની ૨૫ લોકસભાની બેઠક માટે ચૂંટણી પ્રચાર અંતિમ તબક્કામાં

## લોકસભા વિસ્તારોમાં રેલીઓ નેતાઓની ચૂંટણી સભાના કાર્યક્રમો સાથે ચૂંટણી પ્રચારમાં તેજી




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ સહિત ગુજરાતની કુલ ૨૫ લોકસભાની બેઠકો ઉપર ચૂંટણી જંગ બરાબર જામ્યો છે. એક તરફ રાજકીય પક્ષોના કથિત નેતાઓના વિવાદનો મધપુડો, ઉનાળાનો આકરો તાપની સાથે સાથે હવે ચૂંટણી પ્રચાર તંત્ર અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે તેમ કહી શકાય. રાત થોડી અને વેશ ઝાંઝાની જેમ રાજકીય પક્ષો જે તે લોકસભાની સીટ ઉપર પોતાના ઉમેદવારને જીતાડવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે અને જયાં કોઈ વિસ્તાર નબળો જોવા મળતો હોય ત્યાં ફરી ફરી પ્રવાસના કાર્યક્રમો યોજાતા હોય છે. વાત કરીયે જયારથી લોકસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ અને ઉમેદવારની પત્રક ભરવાથી લઈ ઉમેદવારી પરત ખેંચવાના દિવસથી ચિત્ર સ્પષ્ટ બની ગયા બાદ ગુજરાતની કુલ ૨૬ લોકસભાની બેઠક પૈકી સુરતની બેઠક ભાજપને બીનહરીફ મળી જતા કુલ ૨૫ લોકસભાની બેઠક માટે ચૂંટણી જંગ જામ્યો છે અને બરાબરનો જામ્યો છે અને પ્રચાર તંત્ર જોરશોરથી ચાલી રહ્યું છે. ચૂંટણીના આ દિવસોમાં ગ્રુપ મીટીંગો, સ્લીપ વહેંચણી, લોક સંપર્ક, વોર્ડ વાઈઝ, વિસ્તાર વાઈઝ બેઠકો અને સભાઓના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ભાજપ, કોંગ્રેસ, આપના ઉમેદવારો મતદારો સમક્ષ ઉપસ્થિત થયા છે. ચૂંટણી પ્રચારની કામગીરી દરમ્યાન કયાંક ઉમેદવારોને આવકાર તો કેટલીક જગ્યાએ લોકોએ પ્રજાકીય પ્રશ્નોની રજુઆતો પણ કરી છે. ઉમેદવારો અને ખાસ કરીને જેને ઉમેદવારના સમર્થનમાં રહેલા ટેકેદારો પણ ઉમેદવારના વિસ્તારોમાં ફરી વધ્યા છે અને પત્રીકા વિતરણથી લઈ ચૂંટણી પ્રચાર તંત્રની કામગીરી કાર્યકર્તાઓ ટેકેદારોએ ખુબ સરસ રીતે નિભાવી છે. ઉપરાંત પ્રચાર તંત્રની ભાગદોટ ખુબ સારી રીતે નિભાવી રહ્યા છે. આગામી તા.૭મી મેના રોજ ગુજરાતની ૨૫ બેઠકો ઉપર ચૂંટણી યોજાનાર છે અને હવે ગણતરીના દિવસો જ ચૂંટણી આડે બાકી રહ્યા છે. ત્યારે આજથી જ પ્રચાર તંત્ર અંતિમ તબક્કામાં પ્રવેશી ગયો છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજ અને આવતીકાલ એમ બે દિવસ સૌરાષ્ટ્ર-ગુજરાતની મુલકાતે છે અને ચૂંટણી સભાઓ યોજાશે. આ ઉપરાંત અન્ય રાજકીય પક્ષના નેતાઓના પણ પ્રવાસ કાર્યક્રમ અને ચૂંટણી સભાથી લઈ પ્રચાર તંત્ર વેગવાન બની ગયું છે.

# જૂનાગઢમાં રકમ ચુકવી આપી હોવા છતાં જમીન વેચાણનો દસ્તાવેજ નહિ કરી આપી ફઈના દિકરાએ રૂા.૧૮.૫૧ લાખની છેતરપિંડી કર્યાની પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ શહેરમાં બનેલા એક બનાવમાં રકમ ચુકવી આપી હવા છતાં જમીન વેંચાણનો દસ્તાવેજ નહી કરી આપી અને ફઈના દિકરાએ રૂા.૧૮.૫૧ લાખની વિશ્વાસઘાત અને છેતરપિંડી કર્યાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાતા ચકચાર જાગી ઉઠી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢમાં ઝાંઝરડા રોડ વિસ્તારમાં આવેલ ગ્રીનસિટીમાં રહેતા વેપારી મનીષ વીરભાન આહુજાએ વર્ષમાં ૨૦૧૮માં તેના ભાવનગર ખાતે રહેતા ફઈના દીકરા ગૌરવભાઈ તારાચંદ ચોથાણી પાસેથી તેની શહેરમાં જોષીપરા રેવન્યુ સર્વે નંબર ૬૮/૪ પૈકી ૨ સેન્ડલવુડના નામે ઓળખાતા ભાગીદારીના ૧૦૭૬.૭૨ ચોરસ મીટર જમીનના પ્લોટના ૧૬.૬૬ ટકા ભાગવાળી જમીન રૂપિયા ૧૮.૫૧ લાખમાં વેચાણ લીધી હતી અને તા. ૧ મે ૨૦૧૮ સુધીમાં વેપારીએ ગૌરવભાઈને રકમ ચૂકવી આપી હતી. જેની સામે તેમણે વકીલ હિતેશભાઈ ભાડજાની ઓફિસે રૂપિયા ૧૦૦નાં સ્ટેમ્પ ઉપર મનીષ આહુજાના પિતાએ ખરીદ કર્યાનું અને ૧૬.૬૬ ટકાની જમીન ગૌરવભાઈએ વેચાણ અર્થે આપેલ અને જેની રકમ ચૂકતે કરી આપી હોવાનો કરાર અને જમીનનો કબજો સોંપી આપ્યો હોવાનું લખાણ ગૌરવ ચોથાણીએ કરી આપ્યું હતું. પરંતુ આ પછી જુદા જુદા બહાના બતાવી જમીન વેચાણનો દસ્તાવેજ કરી આપેલ નહિ અને જમીન વેચાણ નથી કરી હોવાની અખબારમાં ખોટી જાહેરાત આપી છેતરપિંડી આચરી હોવાની અને ગૌરવના પિતા તારાચંદ દોલતરામ ચોથાણીએ ૧૫ એપ્રિલ ૨૦૨૪ના રોજ મારી નાખવાની ધમકી આપી અને તે અંગેનું રેકોર્ડિંગ મોકલી ગાળો કાઢી હોવાની ફરિયાદ વેપારી મનીષ વિરભાન આહુજા રહે.ઝાંઝરડા રોડ, ગ્રીનસીટી, બ્લોક નં-૩૧૧/૧, જૂનાગઢ વાળાએ પોલીસમાં નોંધાવતા એ ડિવિઝન પોલીસે કલમ ૪૦૬, ૪૨૦, ૫૦૬(૨), ૫૦૪, ૧૪૪ મુજબ ગૌરવ તથા તેના પિતા તારાચંદ દોલતરામ ચોથાણી સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. વધુ તપાસ પીએસઆઈ આર.એમ. વાળા ચલાવી રહ્યા છે.

# ભારે પવનના કારણે ગિરનાર રોપવે સેવા આજે ચોથા દિવસે પણ બંધ રહી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

ગરવા ગિરનાર ખાતે બિરાજમાન જગતજનની અંબાજી માતાજીના દર્શન માટે ભાવિકોનો પ્રવાહ સતત આવી રહ્યો હોય અને ખાસ કરીને રોપવે સેવા જયારથી કાર્યરત થઈ છે ત્યારથી આ પ્રવાહમાં વધારો થયો છે અને લોકો રોપવેની સફરનો આનંદ પણ માણી રહ્યા છે. દરમ્યાન છેલ્લા ત્રણ દિવસથી ભારે પવનના કારણે રોપવે સેવા બંધ રહી છે અને આજે ચોથા દિવસે પણ ભારે પવનના કારણે રોપવે સેવા બંધ છે અને સાનુકુળ પવન થશે ત્યારે રોપવે સેવા ફરી કાર્યરત કરવામાં આવશે તેમ જાણવા મળે છે.

# એસટી ડેપો જૂનાગઢ દ્વારા મતદાન જાગૃતિનાં કાર્યક્રમો

જૂનાગઢ તા.૧

જીલ્લા ચૂંટણી અધીકારી અને કલેકટરના માર્ગદર્શન હેઠળ જિલ્લા માં મતદાન જાગૃતિ માટે વિશેષ પ્રયાસો થઈ રહ્યા છે ત્યારે એસ.ટી ડેપો જુનાગઢ દ્વારા મતદાન કરવા પ્રત્યે જાગૃતિ આવે અને બહોળી સંખ્યા માં લોકો પોતાના મતાધિકાર નો ઉપયોગ કરે તે માટે જુનાગઢ બસ સ્ટેશન અને મેંદરડા,વિસાવદર અને બિલખા કંટ્રોલ પોઈન્ટ ખાતે બેનર લગાવી તેમજ બસો માં મતદાન અંગે ના સ્ટીકર લગાવી તેમજ પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમમાં વારવાર મતદાન અવશ્ય કરવું તેવી ઓડીયો કલીપ ચલાવી મતદાન જાગૃતિ માટે અત્રે થી અવશ્ય મતદાન કરવા માટે અપીલ કરવામાં આવી રહી છે.

# કાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જૂનાગઢમાં ચૂંટણી સભા

(અનુ. પાના ૮નું ચાલુ...)

ત્યારે વિવિધ બેઠકો ઉપર ભાજપના ઉમેદવારને લઈને ચૂંટણી સભાના આયોજનો કરવામાં આવી રહ્યા છે. આવતીકાલે જૂનાગઢ ખાતે પણ લોકસભાની ત્રણ બેઠકના ભાજપના ઉમેદવારોને આવરી લેતી ચૂંટણી સભા યોજાઈ રહી છે ત્યારે વિજય વિશ્વાસ ચૂંટણી સભામાં ત્રણેય જીલ્લાના કાર્યકર્તાઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે તેવી ધારણા છે. દેશના વડાપ્રધાન જયારે લોકસભાની ચૂંટણી અંતર્ગત ચૂંટણી સભાને સંબોધન કરવા માટે પધારી રહ્યા હોય ત્યારે કાર્યકર્તાઓમાં પણ ઉત્સાહની હેલી ઉઠવા પામી છે અને ચૂંટણી સભામાં ૪૦ હજારથી વધારે લોકો ઉમટી પડે તેવી ધારણા સાથે સમીયાણો લગાવવામાં આવેલ છે. જોકે બીજી તરફ કાળઝાળ ગરમીમાં કેટલી મેદની થાય છે તે માટે પણ સવાલો ઉઠી રહ્યા છે. આવતીકાલે જૂનાગઢ ખાતે યોજાનારી ચૂંટણી સભાના કાર્યક્રમને સફળ બનાવવા માટે આયોજકો દ્વારા તડામાર તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

# ઉના રેલ્વે સ્ટેશનમાં સુવિધાઓ આપવા માંગ

(નીરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧


ઉના ના અખિલ ભારતીય કોળી સમાજ ના રસિક ચાવડા એ ડી.આર.એમ. ભાવનગર અને રેલવે મંત્રી ને પત્ર લખી માંગ કરી છે કે ઉના તાલુકો વિકાસની દ્રષ્ટિએ પછાત તાલુકો છે.અને તેમા પણ રેલ્વે સેવાનુ પણ પછાતપણુ આ વિસ્તાર ને છે.લાંબા અંતરની મુસાફરી માટે સૈથી સસ્તુ અને સલામત મુસાફરી રેલ્વેની છે.પણ ખાટલે મોટી ખોટ કહેવત અનુસાર આ વિસ્તાર મા આ સુવિધાનો સદતર અભાવ જોવા મળે છે.

ઉના રેલ્વે સ્ટેશનને માત્ર ફલેગ સ્ટેશન આપવામા આવ્યુ છે.લાંબા અંતરની ટ્રેન ઉના – સુરત અને ઉના—મુંબઈ ની માંગણી આ વિસ્તારની રહી છે.પરંતુ રેલ્વે તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી.

દેશ જયારે આધુનિક રેલ્વે સ્ટેશનો બુલેટ ટ્રેનો,હાઈ-સ્પીડ ટ્રેન,મેટ્રો ટ્રેનો ચાલતી હોય ત્યારે અહી રેલ્વે સ્ટેશન મા બેસવાના તુટેલ બાકડા, ન તો પીવાના પાણીની વ્યવસ્થ,શોચાલયનો અભાવ જેવી પાયાની પ્રાથમિક સુવિધાઓ પણ નથી. તોકતે વાવાજોડા બાદ પડી ગયેલ વૃક્ષો ભી હટાવવામાં આવીયા નથી.શૈચાલય માં જાડી , જાખરા ઉગી નીકળીયા છે.રેલ્વે સ્ટેશનનો સ્ટેશનના નામનો બોર્ડ ભી પડી ગયો છે. આ વિસ્તાર માં પ્રવાસન ની અનેક તકો છે ત્યારે આ વિસ્તાર મા લાંબા અંતરની ટ્રેન આપવામાં આવે તો પ્રવાસીઓ ને મુસાફરીની સારી સુવિધાઓ મળી રહે.

રેલ્વે સ્ટેશનનું આધુનિકરણ, પ્રાથમિક સુવિધાઓ,બ્રોડ ગેજની સુવિધા મળે એવી ઉના તાલુકાની જનતા વતી રસિક ચાવડા એ માંગ કરી છે.

# ખંભાળિયામાં રેલવે ટ્રેકની ચાલતી કામગીરીમાં ધરતીપુત્રોને થતી પરેશાનીઃ નુકસાની થતી હોવા અંગેની ઉચ્ચ કક્ષાએ રજૂઆત



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે હાલ રેલવે તંત્ર દ્વારા અત્રે સલાયા રેલવે ફાટક પાસે રેલવે લાઈન અંગેની કામગીરી ચાલી રહી છે. જેને અનુલક્ષીને કોન્ટ્રાક્ટરો દ્વારા પરેશાની થતી હોવા અંગેની લેખિત રજૂઆત અહીંના કલેકટર તંત્રને કરવામાં આવી છે.

ખંભાળિયા ભારતીય કિસાન સંઘ દ્વારા આ રજૂઆતમાં જણાવ્યા મુજબ ખંભાળિયાથી સલાયા રેલ્વે લાઈનની ચાલી રહેલી કામગીરી અંતર્ગત કોન્ટ્રાક્ટર દ્વારા ખેડૂતોને કોઈ પણ પ્રકારની જાણકારી કે માહિતી (નોટિસ) આપ્યા વગર જે.સી.બી., હિટાચી જેવા તોતિંગ મશીનનો વડે માટી કામ અને ખોદકામ અંગેની કામગીરી કરવામાં આવી રહી છે. આ લાઈન ઉપર અસર કરતા ખેડૂતોને જમીન માપણી અને ટીપણ પ્રમાણે સરખાવતા વિસંગતતા વચ્ચે ખેડૂતોની આ રજૂઆત તંત્ર સાંભળતું ન હોવાના આક્ષેપો કરાયા છે. ખેડૂતોની કપાત થયેલી પૈકીની જમીન માલિકીની જમીન નજીક ઊંડા અને મોટા ખાડા કરી અને મોરમ કાઢી લેવામાં આવતા આગામી દિવસોમાં જમીનનું ધોવાણ થવા ઉપરાંત પાકમાં પણ નુકસાની થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

આટલું જ નહીં અહીં, અહીં ખેત મજૂરોના બાળકો ચોમાસામાં ઊંડા ખાડામાં પાણી ભરાવાના કારણે ડૂબી જવાની શક્યતા પણ રજૂ કરવામાં આવી છે. આમ, ભવિષ્યમાં ન પૂરી શકાય એવી મોટી ખોટ ખેડૂતોએ ભોગવી પડે તે પ્રકારનું કામ થઈ રહ્યું હોવાનું આ પત્રમાં જણાવ્યું છે.

રેલ્વે લાઈન નજીકના રહેણાંક વિસ્તારોમાં લોકોનું આરોગ્ય જોખમાય તે પ્રકારની કામગીરી થઈ હોવાનું જણાવી, લોકોના આરોગ્ય મુદ્દે પણ જરૂરી પગલાં લેવા આ પત્રમાં ઉલ્લેખ કરાયો છે. આ કામ દરમિયાન કોન્ટ્રાકટરના માણસો દ્વારા ખેડૂતોને નુકસાની થાય તેવી કામગીરી કરવામાં આવતા ખેડૂતો દ્વારા તેઓને અટકાવતા ઘર્ષણ થાય તેવી પરિસ્થિતિ પણ સર્જાઈ રહી છે.

આમ, ઉપરોક્ત મુદ્દે ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ લાવવા તેમજ સંબંધિત વિભાગના જવાબદાર અધિકારીઓ દ્વારા જરૂરી ચર્ચા વિચારણા કરવા પણ દેવભૂમિ દ્વારકા જિલ્લા ભારતીય કિસાન સંઘના નેજા હેઠળ ખેડૂતોએ સંયુક્ત સહીઓ સાથેનું એક આવેદનપત્ર રાજયના મુખ્યમંત્રી અને ગૃહ મંત્રીને સંબોધીને અહીંના જિલ્લા કલેકટરને પાઠવવામાં આવ્યું છે.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **રિધ્ધિ પંકજભાઈ નથવાણી** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **રિધ્ધિ પંકજકુમાર નથવાણી** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**રિધ્ધિ પંકજકુમાર નથવાણી**

શ્યામ બંગલો નં.૯૦ નેમીનાથ સોસાયટી, ગાંધીગ્રામ, રાજકોટ - ૩૬૦૦૦૭



Bandhan Bank | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોનઃ ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

## સાંકેતિક કબજા અંગેની નોટિસ

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંમાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ,ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો સાંકેતિક કબજો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ અને લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | સાંકેતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| શ્રી શાંતિલાલ લાધાભાઈ મકવાણા<br>શ્રી આશિષ શાંતિલાલ મકવાણા<br>૨૦૦૦૨૦૩૦૦૧૦૯૩૩ | તમામ ચલ અને અચલ સંપતિ, જે સિટી સર્વે નં.૧૩૮૫/બી/૨૩, ફાઈનલ પ્લોટ નં.૨૩/એ, સબ પ્લોટ નં.૨૩/એ, સિટી સર્વે શીટ નં.૪૦, સોમનાથ સોસાયટી, મુ–બાંટવા, તાઃ માણાવદર, જિઃ જૂનાગઢ, ગુજરાત– ૩૬૨૬૨૦ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ રોડ, પૂર્વઃ પ્લોટ નં.૨૨બી ની લાગુ પ્રોપર્ટી, પશ્ચિમઃ રોડ, દક્ષિણઃ પ્લોટ નં.૨૩બી ની લાગુ પ્રોપર્ટી | ૧૮.૦૧.૨૦૨૪ | ૨૫.૦૪.૨૦૨૪ | ૩,૮,૬૪,૨૩૬.૪૦ (૩૧.૧૨.૨૦૨૩ના રોજ) |

સ્થળઃ જૂનાગઢ
તારીખઃ ૦૧/૦૫/૨૦૨૪

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ

# કાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જૂનાગઢમાં ચૂંટણી સભા

## જૂનાગઢ, અમરેલી અને પોરબંદર બેઠકના ભાજપના ઉમેદવારોના પ્રચાર માટે કૃષિ યુનિવર્સિટી કેમ્પસમાં



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

લોકસભાની ચૂંટણી અંતર્ગત આવતીકાલે જૂનાગઢના આંગણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચૂંટણી સભાનું આયોજન કરવામાં આવેલ છે. આવતીકાલે બપોરે અઢી વાગે કૃષિ યુનિવર્સિટીના ગ્રાઉન્ડ ખાતે ચૂંટણી સભા યોજાશે. જેને લઈને તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. વડાપ્રધાન જયારે જૂનાગઢના આંગણે આવી રહ્યા હોય અને લોકસભાની ચૂંટણી અંતર્ગત ચૂંટણી સભા યોજવામાં આવી રહી છે ત્યારે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ વડાપ્રધાનની આવતીકાલની જૂનાગઢ ખાતેની સભાને લઈને પોલીસ વિભાગ દ્વારા સુરક્ષા માટેના પગલા લેવામાં આવ્યા છે અને તંત્ર સાબદુ બની ગયું છે. આવતીકાલે એટલે કે તા.ર ને ગુરૂવારે બપોરે અઢી વાગ્યે કૃષિ યુનિવર્સિટી ખાતે જૂનાગઢ, અમરેલી, પોરબંદર બેઠકના ભાજપના ઉમેદવારોના પ્રચાર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જંગી જાહેર સભાને સંબોધન કરનાર છે અને આ સભાને લઈને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ સુરક્ષા માટેના વિવિધ પગલાઓ લેવામાં આવ્યા છે. તેમજ જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની રાહબરી હેઠળ ઝોન વાઈઝ બંદબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તો બીજી તરફ જૂનાગઢ શહેર અને જીલ્લાના સંગઠનો દ્વારા તડામાર તૈયારીને ઓપ આપવામાં આવી રહ્ય છે. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આવતીકાલે જૂનાગઢ ખાતે યોજાનારી સભાને લઈને વિશેષ જવાબદારી સંભાળનાર સુભાષ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ માટેના અનેક પગલા લેવામાં આવ્યા છે અને પોલીસ હાઈ એલર્ટ રહી છે. ગુજરાતની ૨૬ પૈકી ૨૫ લોકસભાની બેઠકનું આગામી તા.૭ મેના રોજ મતદાન થનાર છે.

(અનુ. પાના ૭ ઉપર)


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૭ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



ખોડલધામ ટુર
મથુરભાઈ વાગડીયા
જૂનાગઢ. મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭
(૧) ચાલો ઉત્તરાખંડ ચારધામ
ગંગોત્રી, જમનોત્રી, કેદારનાથ, બદ્રીનાથ, હરીદ્વાર, ગોકુલ, મથુરા,
પ્ર. દિવ. ૧૮ ઉ. તા. ૧૫-૫-૨૦૨૪
(૨) ચાલો અમરનાથ બર્ફિલા મહાદેવ
વૈશ્નોદેવી, શ્રીનગર, અમૃતસર, વાઘા બોર્ડર
પ્ર. દિવ. ૧૫ ઉ. તા. ૧-૭-૨૦૨૪
(૩) ચાલો અયોધ્યા બનારસ ગયા
ઉજ્જૈન, ચિત્રકુટ, અલહાબાદ, હરીદ્વાર, ગોકુલ, મથુરા, પૂષ્કર, શ્રીનાથજી
પ્ર.દિવ.૧૫ ઉ. દરમહિને



ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફક્ત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com









અરમાન રોડવેઝ






જુનાગઢ થી શિહોર ભાવનગર ડેઈલી સીર્વસ
હેડ ઓફીસ : ગાંધી ચોક C/o, ફલાય ફાસ્ટ, જુનાગઢ
સાબલપુર : ખંધા વે-બ્રીજ સામે, સાબલપુર
મો. ૮૪૮૫૯ ૯૬૬૭૭ - ૯૩૧૩૭૨૩૦૧૮




ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
• પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
• હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
• પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



૧ લી મે, ગુજરાત સ્થાપના દિનની હાર્દિક શુભકામના









પ્લોટ વેચાવ છે
૨૧૨ વાર જગ્યા કોર્નરનો
પ્લોટ નં. ૩૫૪
રાયજીનગર, જૂનાગઢ
મો. ૯૪૨૬૨ ૨૪૦૯૪



Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો